# પરિવર્તનનો ઉત્સવ

**ગુજરાત અને ગુજરાતીઓની ખુશહાલી એ સત્તા પરિવર્તનથી જ શક્ય છે,
અન્યાય સામેની આગને મશાલ બનાવી તેના પ્રકાશથી ગુજરાતના ભવિષ્યને ઉજ્જવળ બનાવીએ.
કોંગ્રેસ સાથે મળી પરિવર્તનનો સંકલ્પ લઈએ.**

## કોંગ્રેસના વચન

### ગૃહિણીઓ માટે

- ઘર વપરાશનું ગેસ સિલિન્ડર રૂ. 500માં
- ઘર વપરાશની વીજળીના 300 યુનિટ ફ્રી
- સરકારી કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના

### શિક્ષણ માટે

- દીકરીઓ માટે KG થી PG સુધીનું શિક્ષણ ફ્રી
- 3000 નવી સરકારી અંગ્રેજી માધ્યમની શાળાઓ
- આધુનિક શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના

### યુવાનો માટે

- યુવાનો માટે 10 લાખ નોકરીઓ
- કોન્ટ્રાક્ટ પ્રથા સંપૂર્ણ નાબૂદ
- રૂ. 3000 બેરોજગારોને ભથ્થું

### કોરોના પીડિતો માટે

- કોરોનામાં મૃત્યુ પામનારના પરિવારને રૂ. 4 લાખની સહાય
- આધુનિક સુવિધાઓથી સજ્જ નવી સરકારી હોસ્પિટલો

### સ્વાસ્થ્ય માટે

- પ્રત્યેક ગુજરાતી માટે રૂ. 10 લાખ સુધીની સારવાર મફત
- કિડની, લીવર અને હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ મફત
- દવાઓ મફત

### ખેડૂતો માટે

- ખેડૂતોનું રૂ. 3 લાખ સુધીનું દેવું માફ
- ખેડૂતોના વીજળીના બિલ માફ
- દૂધ ઉત્પાદકોને પ્રતિ લીટર રૂ. 5 ની સબસિડી

### સુરક્ષિત ગુજરાત માટે

- ડ્રગ્સ માફિયા સામે કડક કાર્યવાહી
- લઠ્ઠાકાંડમાંથી મુક્તિ • ગુનેગારોને જેલ
- જવાબદારો સામે કડક કાર્યવાહી

### સામાજિક ન્યાય માટે

- શહેરી વિસ્તારોમાં શહેરી રોજગાર ગેરંટી યોજના
- ઈન્દિરા રસોઈ યોજના હેઠળ જરૂરિયાતમંદ લોકોને માત્ર રૂ. 8 માં ભોજનની વ્યવસ્થા
- PESA કાયદાનો સંપૂર્ણ અમલથી આદિવાસીઓને જંગલની જમીનનો અધિકાર

**મિસ્ડકોલ કરો: 8108 125 125**

**પાર્થ ઉઠાવો બાણ
હવે તો પરિવર્તન એ જ કલ્યાણ**

પ્રકાશક: ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
મુદ્રક - શ્રી સારદા પ્રેસ, ભાવનગર

www.jantanisarkar.in

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ



# પરિવર્તનનો ઉત્સવ

# બનશે જનતાની સરકાર

www.jantanisarkar.in

ગુજરાત વિધાનસભા ચૂંટણી
**જન ઘોષણા પત્ર 2022**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

# જન ઘોષણા પત્ર 2022-27


| ક્રમ | વિષય | પાનાં નં. |
|---|---|---|
| | પ્રસ્તાવના | 01 |
| 01 | મોંઘવારી | 04 |
| 02 | રોજગાર - સ્પોર્ટ્સ | 05 |
| 03 | શિક્ષણ | 07 |
| 04 | આરોગ્ય | 09 |
| 05 | ખેડૂત – ખેતી – જમીન કાયદો | 11 |
| 06 | માલધારી – પશુપાલન – ગૌ સંવર્ધન | 15 |
| 07 | માછીમાર – મત્સ્ય ઉદ્યોગ | 17 |
| 08 | શ્રમ કાયદાઓ : સંગઠિત / અસંગઠિત કામદારો<br>**સંગઠિત ક્ષેત્રના કામદારો:** સરકારી-અર્ધસરકારી કર્મચારી (21), આશાવર્કર- આંગણવાડી- મધ્યાહન ભોજન કર્મચારીઓ (21), એડવોકેટ (21), શિક્ષકો-અધ્યાપકો (22), પત્રકારો(22),<br>**અસંગઠિત ક્ષેત્રના કામદારો:** મજદૂરો (22), અગરિયાઓ (23), બાંધકામ શ્રમિકો (23), ઘરકામ શ્રમિકો (24), રીક્ષા-ટેક્સી ચાલકો (24), રત્નકલાકાર (25), એસ-ટી કોર્પ. કર્મચારીઓ (25) | 20 |
| 09 | શેહરી વિકાસ (26)- આવાસ – ઘરનું ઘર (28) – પબ્લિક ટ્રાન્સપોર્ટ (28)- નાગરિક પુરવઠા - ગ્રાહક સુરક્ષા | 26 |


પાર્થ ઉઠાવો બાણ


ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ


# જન ઘોષણા પત્ર 2022-27



| ક્રમ | વિષય | પાનાં નં. |
|---|---|---|
| 10 | પંચાયતી રાજ (30), ગ્રામ વિકાસ (31), સહકાર (31), મેહ્સુલ (32) | 30 |
| 11 | સમાજ કલ્યાણ અને સશક્તિકરણ :<br>અન્ય પછાત જાતિ- OBC(33) – NTDNT (35), અનુસુચિત જાતિ SC (36)– સફાઈ કામદારો (37), અનુસુચિત જનજાતિ ST (39), લઘુમતિ સમાજ (42), ભાષાકીય લઘુમતિ- અન્ય ભાષાભાષી (44), E.B.C (44), દિવ્યાંગ ઉત્કર્ષ (45), સીનીયર સિટીઝન્સ (45) | 33 |
| 12 | મહિલા સુરક્ષા અને સશક્તિકરણ | 46 |
| 13 | લોકશાહી- બંધારણીય અધિકાર– કાયદો અને વ્યવસ્થા- ન્યાય- પ્રશાસન– નાગરિક સંગઠનો | 49 |
| 14 | આર્થિક નીતિ – કરવેરા | 53 |
| 15 | વ્યપાર- ઉદ્યોગ- પર્યટન | 54 |
| 16 | ઈન્ફ્રાસ્ટ્રક્ચર– બંદરો– રોડ– ઉર્જા– વિજળી | 56 |
| 17 | પર્યાવરણ સુરક્ષા | 58 |
| 18 | કલા, સંસ્કૃતિ, અસ્મિતા | 59 |


હવે તો પરિવર્તન એ જ કલ્યાણ





**કોંગ્રેસના** લોક લાડીલા નેતા, માનનીય શ્રી રાહુલ ગાંધી **'ભારત જોડો યાત્રા'** દ્વારા ભારતના લાખો લોકો વચ્ચે જઇને તેમનાં મનની વાત સાંભળી રહ્યા છે; ખરા અર્થમાં તપસ્યા કરી રહ્યા છે. તેઓ કહે છે કે લોકશાહીમાં **'જનતા જ સરકાર છે અને જનતા જ માલિક છે'**. તેમના આ વિચારને અનુરૂપ આગામી ચૂંટણીમાં ગુજરાતમાં પણ **'જનતા ની સરકાર'** ની રચના જનતાના મનની વાત સાંભળીને જ કરી શકાય.

ગુજરાતમાં ચૂંટણીનાં પડઘમ વાગી ચુક્યા છે; ત્યારે ફક્ત કોંગ્રેસ એક જ એવો પક્ષ છે કે જેણે ગુજરાતની જનતા વચ્ચે જઈને, તેમના મનની વાત સાંભળીને, સાડા છ કરોડ ગુજરાતીઓની આકાંક્ષાઓને અનુરૂપ પોતાનો ચૂંટણી ઢંઢેરો **'જન ઘોષણા પત્ર – 2022'** તૈયાર કરેલ છે.

આ જન ઘોષણા પત્ર એસી ઓફીસમાં બેસીને તૈયાર નથી કરાયું પરંતુ તેનાં માટે એક વિશેષ પ્રક્રિયા દ્વારા - ઓનલાઇન અને ઓફલાઇનના માધ્યમથી આશરે 65 લાખ ગુજરાતીઓના મંતવ્યો લેવાયા છે. ગુજરાતના દરેક જિલ્લાસ્તરે અને બધીજ વિધાનસભાઓને આવરી લેતા **'બોલો સરકાર'** સંવાદ કાર્યક્રમોના આયોજન દ્વારા, ગુજરાતના તમામ વર્ગ અને સમાજના લોકોને સાંભળવામાં આવ્યા છે. આમ, આ જન ઘોષણા પત્ર ગુજરાતનાં લોકોની આશાઓ, આકાંક્ષાઓ, જરુરીયાતો અને વિચારોનો સંપુટ છે તથા સામાજિક ન્યાય માટે મજબુતપણે ઉભેલા ગુજરાતનો હિંમતભર્યો હુંકાર છે.




ગુજરાત એટલે મહાત્મા ગાંધી અને સરદાર પટેલની ભૂમિ, સત્ય, અહિંસા, પ્રેમ, શાંતિ અને ભાઈચારાની ભૂમિ, લોકતાંત્રિક અધિકારોના સન્માનની ભૂમિ. અમારું ધ્યેય આ મુલ્યોની ખેવના અને સમય સાથે તાલ મિલાવતુ સમૃદ્ધ, સશક્ત, ખુશહાલ અને પ્રગતિશીલ ગુજરાત નિર્માણનું છે. એક એવું ગુજરાત કે જેમાં તમામ નાગરિકો માટે શ્રેષ્ઠ શિક્ષણ, સર્વોત્તમ આરોગ્ય અને રોજગાર માટેની ઉત્તમ તક ઉપલબ્ધ હોય. જેના કેન્દ્રમાં ફક્ત આર્થિક વિકાસ જ નહી પરંતુ સાર્વત્રિક જન સુખાકારી હોય તથા માનવ કેંદ્રિત વિકાસ હોય અને તે દેશનું જ નહી પણ વિશ્વનું પણ સર્વ શ્રેષ્ઠ રાજ્ય બની રહે.

ફક્ત માળખાગત સુવિધાઓ જ વિકાસનો માપદંડ નથી ખરો વિકાસ છે ગુજરાતમાં વસતા દરેક ગુજરાતીઓનો માનવીય વિકાસ અને તેના માટે ગુજરાતીઓના હેપ્પીનેસ ઇન્ડેક્ષમાં વધારો. આર્થિક, સામાજિક અને રાજકીય તેમજ માનવીય મુલ્યો અને માનવલક્ષી વિકાસની ઉંચાઇઓને હાંસલ કરી અમે ગુજરાતને ખરા અર્થમાં **'શ્રેષ્ઠ ગુજરાત – ખુશહાલ ગુજરાત'** બનાવીશું તેવું ગુજરાતની જનતાને વચન આપીએ છીએ.

આ વચન પત્ર કોંગ્રેસની આગામી સરકારનો રોડ મેપ હશે. આ રોડ મેપને લાગૂ કરવા તથા ગુજરાતની જનતા માત્ર મતદાર ન બની રહે પરંતુ સરકારનાં નિર્ણયોમાં તેમની ભાગિદારી કરી શકે તે માટે એક સંવૈધાનિક ન્યાય કમિશનની રચના કરવામાં આવશે.

**જય જય ગરવી ગુજરાત**
**જય હિંદ, જય જગત.**

**દીપક બાબરીઆ**
**ચેરમેન - મેનીફેસ્ટો કમિટી**
**ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ**










# ખુશહાલ ગુજરાતી

## સમાજના દરેક વર્ગની ખુશહાલી ઊંચો લાવશે ગુજરાતનો હેપીનેસ ઈન્ડેક્સ





# ખુશહાલ ગુજરાતી

## 01 મોંઘવારી

01. ગુજરાતની ગૃહિણીઓને રૂ. 500ના ભાવે ગેસ સિલિન્ડર.

02. વીજ બીલમાં રાહત માટે 300 યુનિટ સુધીના વપરાશ પર વીજળી ચાર્જ માફ.

03. શિક્ષણ અને આરોગ્યના વ્યાપારીકરણ પર રોક.

04. દીકરીઓ માટે પ્રાઇમરીથી પી.એચ.ડી. સુધીનું શિક્ષણ ફ્રી.

05. દીકરાઓ માટે કે.જી. થી પી.જી. સુધી જરૂરિયાતમંદ પરિવારોને પરવડે તેવી શિક્ષણ ફીમાં માફી / રાહત અને શિક્ષણ ખર્ચ માટે રૂ.500 થી રૂ. 20,000 સુધીની શિષ્યવૃત્તિ.

06. પ્રવર્તમાન શિક્ષણ ફીને સ્થગિત કરી 25 ટકા ફીનો તાત્કાલિક ઘટાડો કરાશે.

07. ગુજરાતના દરેક નાગરિકને સરકારી દવાખાનામાં રૂપિયા 10 લાખ સુધીની મફત મેડિકલ સારવાર, તપાસ અને દવા તેમજ રૂપિયા 5 લાખનો અકસ્માત વીમો મફત આપવામાં આવશે.

08. રાજ્ય સરકાર દ્વારા નાગરિકો પાસેથી લેવામાં આવતા તમામ ભારેખમ ટેક્સમાં 20 ટકાનો ઘટાડો.

09. ઇન્કમટેક્સની આવક મર્યાદામાં આવતા કર્મચારીઓ, વ્યવસાયકારો, વેપારીઓને 'પ્રોફેશનલ ટેક્સ' માં માફી.

10. દિવ્યાંગ, વિધવા, જરૂરતમંદ મહિલા, સિનિયર સિટીઝન્સને રૂ. 2,000 નું માસિક પેન્શન.




## 02 રોજગાર – સ્પોર્ટ્સ

01. રોજગારી નિર્માણ રાજ્યની આર્થિક નીતિના ઘડતરમાં મુખ્ય માપદંડ.

02. રોજગારી સર્જન માટે વિકેન્દ્રિત અને રોજગારલક્ષી આર્થિક અને ઔદ્યોગિક નીતિ અને પ્રોત્સાહનો.

03. સરકારી – અર્ધ સરકારી સંસ્થાઓમાં 10 લાખ ખાલી જગ્યાઓ પર ભરતીની પ્રક્રિયા હાથ ધરાશે.

04. બેરોજગાર યુવક-યુવતીઓને મહિને રૂ. 3,000/- સુધીનું બેરોજગારી ભથ્થું મળશે.

05. ફિક્સ પગાર, કોન્ટ્રાક્ટ લેબર કે આઉટસોર્સિંગના બદલે કાયમી નોકરી.

06. દસ વર્ષથી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સ અને ફિક્સ પગાર પર કામ કરનારાઓને કાયમી કરાશે.

07. ભરતી માટે જિલ્લા કક્ષાએ કેન્દ્રિયકૃત વ્યવસ્થા.

08. સરકારી નોકરીની ભરતીમાં થતી ગેરરીતિ અને વારંવાર પેપર ફૂટવાની ઘટનાઓને રોકવા માટે વિશેષ ભ્રષ્ટાચાર નિવારણ કાયદો અને ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના.

09. પસંદગી બોર્ડમાં પારદર્શકતા અને યોગ્ય લાયકાત ધરાવતી વ્યક્તિઓની જ નિમણૂંક.

10. સત્યશોધક સ્પર્ધાત્મક પરીક્ષા યોજના હેઠળ તાલુકા-નગરપાલિકા સ્તરે કોચિંગ ક્લાસ શરૂ કરાશે. જરૂરિયાતમંદ વિધાર્થીઓને આર્થિક સહાય.

11. નિયમિત ધોરણે ભરતીની પ્રક્રિયા માટે ભરતી કેલેન્ડર અને તેનો ચોકસાઈભર્યો અમલ.

12. તમામ પ્રકારની ભરતીઓની અરજીઓ ઓનલાઇન તેમજ ઓફલાઇન ટોકન દરે સ્વીકારાશે.

13. સ્પર્ધાત્મક પરીક્ષા અને ઇન્ટરવ્યૂ માટે ઉમેદવારોને ફ્રી બસ પાસ તથા રોકાવાની વ્યવસ્થા.

14. સ્પર્ધાત્મક પરીક્ષા અને ઇન્ટરવ્યૂ ઝોનલ જિલ્લા કક્ષાએ આયોજિત કરાશે.

15. સ્થાનિક લોકોને રોજગારીમાં અગ્રતા આપતી કાયદાકીય જોગવાઇનો અસરકારક અમલ.

16. સર્વિસ સેક્ટરમાં રોજગારી સર્જન માટે બજેટમાં વિશેષ ફાળવણી, પ્રોત્સાહનો અને આર્થિક સહાય.

17. દરેક તાલુકામાં જી.આઇ.ડી.સી, યુવા ઉદ્યોગ સાહસિકો / ટેકનિશિયનોને કન્સેશનલ ભાવે પ્લોટ તથા હળવા વ્યાજદરની લોન, લાંબી મુદતનું રિપેમેન્ટ.

18. રોજગારલક્ષી ગ્રામીણ ઉદ્યોગોના વિકાસ માટે મહાત્મા ગાંધી ગ્રામીણ ઉદ્યોગ વિકાસ નીતિ.

19. ફિલ્ડ માર્શલ સેમ માણેકશા મીલીટરી એકેડમીની રચના, જેમાં ગુજરાતનાં યુવક – યુવતીઓને લશ્કરમાં ભરતી માટે તૈયારી અને માર્ગદર્શન.

20. દરેક તાલુકામાં રોજગારલક્ષી સ્કિલ ડેવલપમેન્ટ માટે આઈટીઆઈની સ્થાપના / અપગ્રેડેશન.

21. ‘વિશ્વકર્મા હુન્નર નિર્માણ યોજના’ વારસાગત હુન્નર ધરાવનાર સમાજના યુવાનોને પરંપરાગત કૌશલ્ય વિકાસ માટે પ્રોત્સાહનો અને આર્થિક સહાય.

22. દરેક શહેર, તાલુકા મથકે પરંપરાગત કારીગરોને સ્વરોજગારી માટે જી. આઇ. ડી. સી. વસાહતોનું નિર્માણ.

23. ઉદ્યોગની જરૂરીયાત મુજબ કૉલેજ તેમજ ટેકનિકલ કૌશલ્યવર્ધન અભ્યાસક્રમો.

24. સરકારી નોકરીઓમાં યુનિવર્સિટી ડીગ્રીથી ડિ. લિટ., વ્યવસાયિક કોર્સને અગ્રીમતા.

25. સેવા આપનાર અને સેવા લેનાર તેમજ નોકરી આપનાર અને નોકરીના અરજદાર વચ્ચે સીધા સંપર્ક માટે ઈ - પોર્ટલની સ્થાપના.

### સ્પોર્ટ્સ નીતિ

01. યુવાનોમાં રમતગમતમાં શ્રેષ્ઠતા - પ્રોત્સાહન આપતી ‘જામ રણજી સ્પોર્ટ્સ નીતિ’.

02. રાજ્યના વિદ્યાર્થીઓ–યુવાનો–મહિલાઓને રમત-ગમત ક્ષેત્રે તાલીમ અને સુવિધા આપવા ઝોન / જિલ્લા સ્તરે આધુનિક રમતગમત સંકુલો અને સ્પોર્ટ્સ એકેડમીની સ્થાપના.

03. રાજ્યના દરેક ગામમાં યુવાનોના સર્વાંગી વિકાસ માટે ‘ડૉ. વિક્રમ સારાભાઈ વાંચનાલય’, ‘વસંત - રજબ વ્યાયામશાળા’, ‘ગાંધી વિચારમંચ’ અને ‘જવાહર બાલમંચ’ શરૂ કરાશે.

04. દરેક શહેરમાં જુદા - જુદા વિસ્તારોમાં તેમજ દરેક ગામોમાં જિમ્નેશીયમ અને પ્લેગ્રાઉન્ડની વ્યવસ્થા.

05. રમતગમતને પ્રોત્સાહન આપવા દરેક નગરપાલિકા અને પંચાયતોને આર્થિક સહાય.




## 03 શિક્ષણ

01. રાજયમાં કોઈ પણ જાતના ભેદભાવ વગર તમામ વિધાર્થી- વિધાર્થિનીઓને ગુણવત્તાયુક્ત અને પરવડે તેવી ફ્રી સાથે શિક્ષણ પ્રાપ્ત થાય અને કોઈ પણ વિધાર્થી કુટુંબની આર્થિક પરિસ્થિતિને કારણે શિક્ષણની વંચિત ના રહે તેવી 'મહાત્મા ગાંધી સર્વગ્રાહી શિક્ષણ નીતિ' (Universal Quality and Affordable Education System) ઘડવામાં આવશે.

02. રાજયમાં વૈશ્વિક કક્ષાનું અને આધુનિક ઉચ્ચ શિક્ષણની તકો ઉપલબ્ધ થાય તે માટે રાજ્યમાં એમઆઇટી અને હાવર્ડ યુનિ. જેવી વિશ્વ વિખ્યાત સંસ્થાઓ સાથેના જોડાણ અને એડવાન્સ અભ્યાસક્રમો ઓફર કરતી મોડેલ શૈક્ષણિક સંસ્થાઓ સાથે 'નોલેજ સિટી'ની સ્થાપના.

03. દીકરીઓને કે.જી થી પી.જી. સુધીના શિક્ષણ માટે સંપૂર્ણ ફ્રી માફી.

04. ઇત્તર પ્રવૃતિના નામે લેવાતી ઊંચી શિક્ષણ ફ્રી અને ડોનેશન્સ પર પ્રતિબંધ.

05. દરેક વિધાર્થીને કે. જી. થી પી.જી. ગુણવત્તાયુક્ત શિક્ષણ અને પરવડે તેવી ફ્રી સાથેની શિક્ષણ વ્યવસ્થા – જરૂરતમંદ વિધાર્થીઓને ફ્રી માફી / રાહત.

06. તમામ સમાજના જરૂરતમંદ વિધાર્થી – વિધાર્થીનીઓને કે.જી થી પી.જી સુધી શૈક્ષણિક ખર્ચ પેટે રૂ. 500 થી રૂ. 20,000/- સુધીની શિષ્યવૃત્તિ.

07. સેલ્ફ ફાઇનાન્સ તેમજ સેલ્ફ ફાઈનાન્સમાં રૂપાંતરિત સરકારી તેમજ ખાનગી શાળા-કૉલેજોમાં ભણતા વિધાર્થીઓને પરવડે તેવી ફ્રી માટે ફ્રી માફી/ રાહત / સ્કોલરશિપ.

08. શિક્ષણના વ્યાપારીકરણ પર નિયંત્રણ, રાજ્યના દરેક વિસ્તારમાં મોટાપાયે ગુણવત્તાયુક્ત શિક્ષણ અને પરવડે તેવી ફ્રી સાથેની સરકારી / ગ્રાન્ટેડ શાળાઓ - કૉલેજો- શૈક્ષણિક સંસ્થાઓ.

09. રાજ્યમાં 3000 અંગ્રેજી માધ્યમની સરકારી શાળાઓ.

10. ઇંગ્લિશ સ્પીકિંગ અને વ્યક્તિત્વ વિકાસના તેમજ સોફ્ટ સ્કિલના વિશેષ વર્ગો શરૂ કરાશે.

11. તબીબી શિક્ષણના વિસ્તાર માટે ઇન્દિરા પ્રિયદર્શિની મેડિકલ યુનિવર્સિટીની સ્થાપના માટે આયોજન.

12. કૃષિ વિજ્ઞાન - પશુપાલન શિક્ષણ માટે નવી રાજ્યકક્ષાની 'સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટી'ની રચના.

13. શિક્ષણનું ધોરણ સુધારવા 'ગુણવત્તા અને પરીક્ષા પધ્ધતિ સુધારણા' અભ્યાસ જૂથની રચના, શાળાઓમાં પરીક્ષા વગર પ્રમોશનની પદ્ધતિ માટે સમીક્ષા.

14. સ્કૂલ-કૉલેજોની ફ્રી અને તેમાં ઉપલબ્ધ શિક્ષણનું આંતરમાળખું, સ્ટાફ, પ્લેસમેંટ વગેરે બાબતોને લક્ષમાં લઈ તેનું ગ્રેડિંગ અને ફ્રી નક્કી કરવા માટે 'ફ્રી નિર્ધારણ અને નિયમન કમિશન' ની રચના..

15. સંગીત - ચિત્રકલા – પી.ટી. વિષયોના શિક્ષકોની ખાલી જગ્યાઓ અને વર્ગ -4ની ભરતી શરૂ.

16. દરેક સ્કૂલ કોલેજમાં ઓરડાની સંખ્યા, પીવાના પાણી, કન્યા માટેના જુદા ટોઇલેટની વ્યવસ્થા, બ્લેક બોર્ડ, બેંચીસ, લાઈબ્રેરી, રમત-ગમત અને સંગીતના સાધનો, કમ્પ્યૂટર સહિતની તમામ સુવિધાઓ અને પૂરતા ક્વોલિફાઇડ સ્ટાફ માટેના નિયમોનો અસરકારક અમલ.

17. દરેક ગામમાં પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષણ - દર ત્રણ-પાંચ કિલોમીટર વિસ્તારમાં હાઇસ્કૂલ શિક્ષણ તેમજ દરેક તાલુકામાં ઉચ્ચતર માધ્યમિકની અંગ્રેજી માધ્યમની - વિજ્ઞાન પ્રવાહની શાળા, એક મોડલ સ્કૂલ, I.T.I તેમજ ટેકનિકલ અને પ્રોફેશનલ કમ્પ્યૂટર કોર્સ માટેની સંસ્થાઓ.

18. દરેક જિલ્લામાં વિજ્ઞાન, આર્ટસ, કોમર્સ, લૉ, એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ, મેડીકલ, કૉલેજો સુચારુ આયોજન કરાશે.

19. પછાત વિસ્તારમાં કેન્દ્રીય અને નવોદય વિધાલયો સમકક્ષ 'મહાત્મા જ્યોતિબા ફૂલે આદર્શ નિવાસી વિધાલયો' અને 'સાવિત્રીબાઈ ફૂલે આદર્શ નિવાસી કન્યા વિધાલય' નિર્માણ અને સહાય.

20. સાર્વજનિક શાળા-કોલેજ, આશ્રમ શાળા અને છાત્રાલય માટે ટોકન દરે જમીનની ફાળવણી અને આર્થિક સહાય.

21. દરેક સરકારી તથા અર્ધ સરકારી શાળા-કૉલેજોનું નવિનીકરણ.

22. દરેક તાલુકા અને જિલ્લામાં વિધાર્થીઓ તેમજ વિધાર્થિનીઓ માટેના છાત્રાલયો.

23. જરૂરતમંદ વિધાર્થીઓને નિભાવ માટે અંશત / સંપૂર્ણ સ્કોલરશીપની વ્યવસ્થા.

24. તમામ શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના હેઠળ પોષણયુક્ત ભોજનની વ્યવસ્થા.

25. કેન્દ્રિય ઓનલાઇન-ઓફલાઇન પ્રવેશ પદ્ધતિમાં થતી ગેરરીતિ અટકાવવા જન ભાગીદારી વ્યવસ્થા.

26. રાઇટ ટુ એજ્યુકેશન એક્ટનો વ્યાપ વધારીશું. માત્ર ધો. 1 થી 8 સુધી જ નહીં પરંતુ ધોરણ 9 થી 12 સુધી લાગૂ કરીશું.

27. પ્રવર્તમાન શિક્ષણ ફ્રી ને સ્થગિત કરી તાત્કાલિક ફ્રીમાં 20%નો ઘટાડો

28. સ્વામી વિવેકાનંદ ઉચ્ચ અભ્યાસ યોજના હેઠળ NEET અને JEE પરીક્ષાઓ માટે વિનામૂલ્યે કોચિંગ અને છાત્રાલયોની વ્યવસ્થા.

29. તેજસ્વી વિધાર્થીઓને વિદેશ અભ્યાસ માટે 'જવાહરલાલ નેહરુ એજ્યુકેશન ફાઉન્ડેશન' ની સ્થાપના મેરિટ, સામાજિક, આર્થિક માપદંડ આધારિત લોન વ્યવસ્થા – વિધાર્થીનીઓને પ્રથમ પસંદગી.

30. રવિશંકર મહારાજ વિધાર્થી બસ પાસ સેવા હેઠળ એસટી / નગરપાલિકા બસમાં ફ્રી / રાહત દરે પાસ રેગિંગના દૂષણને અટકાવવા એન્ટી રેગિંગ એક્ટ.

31. 'યુવા સારથી' યોજના હેઠળ ધોરણ દસ પાસ કરેલા વિધાર્થીઓને ગિયર વગરના ટુ વ્હિલર ચલાવવા લાઇસન્સની વ્યવસ્થા.

32. સ્કૂલના જરૂરતમંદ વિધાર્થીઓને ફ્રી એનડ્રોઇડ મોબાઇલ ફોન.




## 04 આરોગ્ય

01. ગુજરાતની આરોગ્ય સેવાઓના નવસર્જન માટે કોંગ્રેસ કટિબદ્ધ છે. કોંગ્રેસની સરકાર બનતા જ સામાન્ય પ્રજાના આરોગ્યના ગંભીર પ્રશ્નોના ઉકેલ માટે 'સરદાર પટેલ સર્વગ્રાહી આરોગ્ય નીતિ' (Sardar Patel Universal Health Care Policy) ઘડાશે.

02. દરેક નાગરિકને સરકારી / માન્ય ખાનગી દવાખાનાઓમાં રૂપિયા દસ લાખ સુધીની મફત સારવાર અને દવા તેમજ રાજીવ ગાંધી અકસ્માત વીમા યોજનામાં રૂપિયા પાંચ લાખનું વીમા કવચ આપશે.

03. એમ.આર.આઈ., સોનોગ્રાફી, ઇકો, એક્સ-રે, સી.ટી. સ્કેન, લેબોરેટરી વગેરેમાં તપાસ પણ વિના મૂલ્યે.

04. સરકારી દવાખાના અને હોસ્પિટલમાં નિષ્ણાંત ડોક્ટરો અને સ્ટાફની અછતને પહોંચી વળવા અલગ 'રાજ્ય આરોગ્ય સેવા ભરતી કમિશન'.

05. રૂપિયા દસ લાખ ઉપરની સારવાર માટે જરૂરતમંદો માટેના ખર્ચમાં સંપૂર્ણ માફી / રાહત.

06. સસ્તાં ભાવે ગુણવત્તાયુક્ત દવાની ઉપલબ્ધિ માટે ' જનતા મેડિકલ સ્ટોર્સ'ની ચેઇન.

07. ડાયાબિટીસ અને બ્લડપ્રેશરના દર્દીઓને આરોગ્ય કેન્દ્રમાંથી કાયમી ધોરણે મફત દવા અને જરૂરિયાત મુજબ નિયમિત મફત ચેકઅપની વ્યવસ્થા.

08. કોરોના મૃતકોના પરિવારજનોને ચાર લાખની સહાય, નિરાધાર થયેલા બાળકોને કે.જી થી પી.જી સુધી મફત શિક્ષણ અને 21 વર્ષના થાય ત્યાં સુધી પ્રતિ માસ રૂપિયા બે હજારની સહાય.

09. કોવિડમાં નિધન પામેલા કોરોના વોરિયર્સના પરિવારમાંથી એકને સરકારી નોકરીમાં અગ્રીમતા.

10. રાજ્યમાં તમામ વિસ્તારોને આવરી લેતું નિ:શુલ્ક અધતન આરોગ્ય સેવાનું નેટવર્ક.

11. અંતરિયાળ ગામોમાં મોબાઈલ ડિસ્પેન્સરી સેવા.

12. તમામ આરોગ્ય સેવાઓને અધતન સુવિધાઓ આપી અને અમદાવાદની વીએસ હોસ્પિટલનું નવીનીકરણ.

13. ડોક્ટર્સ અને તમામ કર્મચારી માટે કોન્ટ્રાક્ટ / આઉટસોર્સિંગ પ્રથા બંધ કરી કાયમી નિમણૂંક.

14. તમામ દવખાના હોસ્પિટલની સ્વચ્છતા, ઉપકરણોની - બિલ્ડિંગની જાળવણી માટે ખાસ વ્યાવસ્થા.

15. દરેક ગામડામાં ઓછામાં ઓછાં બે સ્થાનિક હેલ્થ વર્કર-નર્સની ભરતી.

16. મેડિકલ અને આરોગ્ય સેવા- શિક્ષણને સુદ્રઢ કરવા 'ઇન્દિરા પ્રિયદર્શિની મેડિકલ યુનિવર્સિટી'ની સ્થાપના.

17. દરેક હેલ્થ સેન્ટર, દવાખાના અને હોસ્પિટલ્સમાં ડોક્ટર, નર્સ, દવા, સાધનો વગેરેની પૂરી વ્યવસ્થા.

18. મેડિકલ ટુરિઝમના વિકાસ માટે વિશ્વ કક્ષાની મેડિકલ સુવિધાઓ ઊભી કરવા પ્રોત્સાહન યોજના.




## 05 ખેડૂત, ખેતી, જમીન કાયદા

01. રાજ્યની આર્થિક નીતિના ઘડતરમાં કૃષિ ક્ષેત્ર-ખેડૂતના વિકાસને અગ્રિમતા આપવામાં આવશે.

02. ખેડૂતોનું રૂ. 3 લાખ સુધીનું દેવું માફ, વીજળીનું બીલ માફ કરાશે.

03. નિષ્ણાંતો અને હિતધારકોના પ્રતિનિધિત્વ સાથેના કૃષિ આયોગ – કૃષિ પંચની રચના.

04. જમીન સંપાદન માટે 2013નો યુપીએ સરકારે બનાવેલ ખેડૂતલક્ષી જમીન સંપાદન કાયદાનો અમલ, ભાજપ સરકાર દ્વારા કરવામાં આવેલા ફેરફારોની સમીક્ષા - હાનિકારક જોગવાઇઓ રદ.

05. ખેડૂતોને નુકસાન કરતા SIRનો, 2013નો પાણીનો, 2016નું સુધારા વિધેયક તેમજ અન્ય સંબંધિત કાયદા / ઠરાવો / નિયમોની સમીક્ષા/સુધારણા/રદ/ને બદલે નવા કાયદાની કાર્યવાહી.

06. ઔદ્યોગિક હેતુ માટે ખરબાની જમીનનો જ ઉપયોગ, ખેતીની ફળદ્રુપ જમીન સંપાદન પર પ્રતિબંધ.

### સિંચાઈ

01. નર્મદા યોજના સહિત તમામ સિંચાઈ યોજનાઓના કેનાલ નેટવર્કને યુદ્ધના ધોરણે આગામી ત્રણ વર્ષમાં સમયબદ્ધ રીતે પૂરૂં કરાશે.

02. સૌરાષ્ટ્ર, કચ્છ અને બનાસકાંઠા, પાટણ સહિત ઉત્તર ગુજરાતની પાણીની સમસ્યા હલ કરવા સ્પેશિયલ ટાસ્ક ફોર્સ.

03. ડેમના પાણીના વપરાશ માટે ખેતી/પીવાના પાણીને પ્રાથમિકતા અપાશે.

04. રાજ્યના મહત્તમ વિસ્તારોને સિંચાઈથી આવરી લેવા વરસાદી પાણીના સંગ્રહ માટે હાલના ડેમના નીચાણવાસમાં, નદીના વહેંણમાં શ્રેણીબદ્ધ આડબંધ/ ચેકડેમો/ તળાવો બનાવવામાં આવશે.

05. ડુંગરાળ અને ઊંચાણ વિસ્તારો માટે ચેકડેમ અને લિફ્ટ ઇરિગેશનની યોજના.

06. નર્મદાના/ અન્ય સિંચાઈ યોજનાઓના કમાન્ડ એરિયામાં આવતા ન હોય એવા દરેક વિસ્તારમાં વિઠ્ઠલભાઈ પટેલ સિંચાઇ યોજના હેઠળ 20-25 ગામ વચ્ચે મધ્યમ કક્ષાના ડેમ બનાવાશે.

07. દરેક ગામમાં જળસંગ્રહ માટે તળાવો અને તેને વરસાદી/કેનાલના પાણીથી ભરવાની યોજના.

08. દરેક તળાવ, નાના, મધ્યમ, મોટા ડેમમાંથી કાંપ કાઢીને પાણીની ક્ષમતામાં વધારો કરાશે.

09. ખેત તલાવડી અને ફૂવારા પદ્ધતિના વપરાશ માટે મોટા પાયે પ્રોત્સાહન સહાય.

10. હયાત કેનાલો/ ડેમો/ ચેકડેમોમાં સાફસફાઈ અને સમારકામ યુદ્ધના ધોરણે હાથ ધરાશે.

11. કેનાલ મારફત પાણી છોડવા માટે ઋતુ અનુસાર સમયપત્રક બનાવી ઓનલાઇન જાહેર કરાશે.

12. કેનાલની નબળી કામગીરીને કારણે લિકેજ/ ખેડૂતના ખેતરને થતા નુકસાન માટે વળતરની જોગવાઈ, જવાબદાર સામે સખત કાર્યવાહી અને અસરગ્રસ્તો માટે વળતરની જવાબદારી.

13. ઘેડ જેવા વિસ્તારમાં જ્યાં લાંબા સમય માટે વરસાદી પાણી ભરાઈ રહે છે તેવા વિસ્તારોમાં પાણી નિકાલ માટેની કાયમી વ્યવસ્થા કરાશે – ટેકનિકલ ટાસ્ક ફોર્સની રચના – બજેટ ફાળવણી.

14. રોડ/ રસ્તા/ રેલવે/ કેનાલ બનવાથી ખેતરોમાં ભરાઈ રહેતા પાણીથી નુકસાની માટે ખેડૂતોને વળતરની કાર્યવાહી, નવા પ્રોજેક્ટોમાં પાણી નિકાલ માટેની વ્યવસ્થા પ્રોજેક્ટના અંગરૂપ ભાગ બનાવવા માટેનો નિર્દેશ.

### પાક વીમા યોજના – અમલ

01. સરકારની પાક વીમા કંપની દ્વારા જ નવી પાક વીમા યોજનાનું અમલીકરણ.

02. પાક વીમા માટે વર્ષ 2016-17 થી 2019-20 સુધીના ખાનગી કંપનીઓ દ્વારા કરેલા ભ્રષ્ટાચાર શોધીને, ખેડૂતોના બાકી પાક વીમાના નાણાં આપવા ફરજ પડાશે.

03. પાક વીમાના કોર્ટ કેસ સહિતના પડતર કેસોનો ત્રણ મહિનામાં નિકાલ માટે ટાસ્ક ફોર્સની રચના.

04. ક્લાયમેન્ટ ચેન્જને કારણે ખેતીને થતાં નુકસાન માટે સર્વગ્રાહી વળતર નીતિ.

05. પાક વીમા યોજનામાં ઉચ્ચક ખેતી રાખનાર ગણોતીયા / ભાગીદારને આવરી લેવામાં આવશે.

06. બાગાયતી ખેતીમાં પણ પાક વીમા યોજના લાગૂ કરવા માટે કાર્યવાહી.

## ટેકાના ભાવે ખરીદી એમએસપી

01. ટેકાના ભાવે જ ખરીદી માટે એમએસપી કાયદો બનાવવામાં આવશે.

02. ખેત પેદાશોના ઉત્પાદન ખર્ચ, મજૂરી, બજારભાવ અને ટેકાના ભાવ વગેરે લક્ષમાં લઈને ભાવ નિર્ધારણ કરવાની યોજના / ટેકાના ભાવ નિશ્ચિત કરવામાં આવશે. સ્થાપિત હિતો દ્વારા આ યોજનાનો દુરુપયોગ રોકવા સરકાર દ્વારા યોજનાનો લાભ. ખેડૂત દ્વારા કરાયેલ વેચાણને જ લાગૂ કરાશે.

03. ખેડૂતોને ખેત પેદાશોના વાજબી ભાવ માટે 'ભાવ નિર્ધારણ સમિતિ'ની રચના.

04. કેન્દ્રના MSP લિસ્ટમાં સમાવવામાં નહીં આવેલ મહત્વની ખેત પેદાશો માટે રાજ્ય MSP.

05. ખેડૂત/ કૃષિ દરેક તાલુકા કેન્દ્ર પર MSP માટે ખરીદ કેન્દ્રો બનાવશે.

## જમીન માપણી

01. નવેસરથી જમીનની વૈજ્ઞાનિક ધોરણે માપણી, જૂની માપણી રદ કરાશે.

## જમીન સંપાદન

01. 2013નો UPA-1 કેન્દ્ર સરકારે બનાવેલ ખેડૂતલક્ષી જમીન સંપાદન કાયદાનો અમલ.

02. જ્યાં વપરાશી હક્ક તરીકે ખેડૂતોની જમીન લેવાશે તેવા કિસ્સામાં અલગથી સુધારા કરાશે.

03. કોર્ટમાં પડતર જમીન સંપાદનનાં હજારો કેસ છે, જે કેસોમાં ખેડૂતો જીત્યાં તેના અમલ માટે તાત્કાલિક કાર્યવાહી અને પડતર કેસોમાં ખાસ કાનૂની સમિતિ અથવા સત્તાવાર સમિતિની સ્થાપના.

## વીજળી

01. ખેડૂતોને દિવસ દરમિયાન દસ કલાક વીજળી.

02. ખેત વીજ જોડાણ માટેના પ્રવર્તમાન દરોની સમીક્ષા, નજીવા પેમેન્ટ અને હળવી શરતની લોનની જોગવાઈ સાથે નવું જોડાણ.

03. હિતરધારક વીજ ગ્રાહક સલાહકાર સમિતિની રચના અને વીજ સંબંધિત સમસ્યાઓનો ઉકેલ.

04. ખેડૂતોને ખેતરમાં સોલાર ફાર્મ માટેની યોજના અને પ્રોત્સાહન તેમજ સહાય.

## પ્રોત્સાહન

01. ખેત ઉત્પાદનોમાં ઉત્પાદન મૂલ્ય વૃદ્ધિ માટે સ્થાનિક ખેત પેદાશ અનુસાર એગ્રો ફૂડ પાર્ક અને એગ્રો પ્રોસેસિંગ એકમોની સ્થાપનાને પ્રોત્સાહન / સહાય.

02. દરેક તાલુકાઓમાં એગ્રો ઉદ્યોગોની સ્થાપના માટે પ્રોત્સાહન / સહાય, જીઆઇડીસીમાં પ્રાથમિકતા.

ખેત પેદાશના સંગ્રહ માટે સ્ટોરેજ ગોડાઉનો – કોલ્ડ સ્ટોરેજની શૃંખલા બનાવવામાં આવશે.

03. જુદા-જુદા વિસ્તારોમાં એગ્રો/ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગોની સ્થાપના માટે રૂ.10,000 કરોડના ભંડોળ સાથે "એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન" રચાશે. તજજ્ઞોની સહાયથી ખેડૂતોની મંડળી દ્વારા જ કૃષિ ઉત્પાદનની મૂલ્ય વૃદ્ધિ માટેના પ્રોસેસિંગના એકમો અને માર્કેટિંગ માટે ખેડૂતોની નોન પ્રોફિટ કંપનીઓની સ્થાપના માટે પ્રોત્સાહન / સહાય.

04. દેશ / વિદેશ પેદા થતા રોકડીયા પાક માટે ગુજરાતમાં તેના વાવેતરની શક્યતા ચકાસવા / ઉત્તમ પ્રોડક્ટ બનાવવા માટે સંશોધન / માર્કેટિંગ માર્ગદર્શન માટે "ગુજરાતમાં એગ્રીકલ્ચર રિસર્ચ અને એનાલિસિસ ડિપાર્ટમેન્ટ"ની સ્થાપના.

05. દરેક ગામમાં કૃષિ સહાયતા કેન્દ્ર અને તાલુકામાં અરજીના નિકાલ માટે સિંગલ વિન્ડો સીસ્ટમ • દરેક નાના – સિમાંત ખેડૂત માટે તાલુકા મથકે 'યંત્ર બેંક'.

06. માર્કેટિંગ યાર્ડમાં માલ પહોંચ્યા પછીની તમામ જવાબદારી માર્કેટિંગ યાર્ડની રહે તેવી જોગવાઈ.

07. ખેડૂતોના તૈયાર પાકના સંગ્રહ માટે મોટા પાયે ગોડાઉન નિર્માણ માટે પ્રોત્સાહન – સબસિડી.

## અન્ય

01. ટ્રેક્ટરની ખરીદીમાં 15% સબસિડી (રૂ.25,000 સુધી), ટ્રોલીને આર.ટી.ઓ. પાસિંગમાંથી મુક્તિ.

02. નીલગાય, ભૂંડ જેવા પશુઓથી પાકને થતાં નુકસાન સામે વાયર ફેન્સિંગ માટે વ્યાપક સબસિડી.

03. ખેડૂતોના આકસ્મિક મૃત્યુ, સર્પદંશ કિસ્સામાં રૂપિયા પાંચ લાખ સુધીની સહાયતા.

04. કેમિકલ કંપની દ્વારા જળ, જમીન અને હવાને પ્રદૂષિત થતી અટકાવવા પ્રદૂષણ નિયંત્રણ કાયદાનો કડક અમલ કરાશે.




## 06 માલધારી - પશુપાલન - ગૌ સંવર્ધન

01. કોંગ્રેસની સરકાર બનતા જ 'કામધેનુ-ગૌસંવર્ધન યોજના' હેઠળ પ્રતિવર્ષ રૂ.1,000 કરોડનું બજેટ.

02. દરેક વિસ્તારને આવરી લેતું 'કામધેનુ ગૌશાળા' નેટવર્ક.

03. શહેરોમાં રઝળતાં પશુઓની સમસ્યાને દૂર કરવા ગૌશાળાઓ બનાવવામાં આવશે.

04. ગૌશાળાઓના સંચાલન માટે નીતિ બનાવવામાં આવશે, નવી નીતિમાં સેવાભાવી નાગરિકો / સંસ્થાઓ અને માલધારી સમાજની જનભાગીદારી નિશ્ચિત કરવામાં આવશે.

05. ગૌશાળાના વીજળી કનેક્શનમાં વીજ દર અને ડ્યુટીમાં રાહત.

06. દૂધ ઉત્પાદકોને પ્રતિ લીટર રૂ. 5ની સબસિડી.

07. ગૌચર વિકાસ નીતિ 2015ની સમીક્ષા પશુઓની સંખ્યાઓને અનુરૂપ ગૌચરની વ્યવસ્થા.

08. લમ્પી વાઇરસથી મૃત્યુ પામેલ ગૌમાતાઓના કિસ્સામાં સહાય-વળતર.

09. માઇનિંગ અને પવનચક્કીઓ માટે ગૌચરની જમીન પર નિયંત્રણ.

10. સરકારી સાહસ સિવાય ગૌચરની જમીન પરના દબાણો દૂર કરીને કબજો લેવાશે.

11. ઉદ્યોગો અને ખાનગી / જાહેર પ્રોજેક્ટ માટે ગૌચરની વણવપરાયેલી જમીન પરત લેવાશે.

12. દર 10 થી 15 કિલોમીટરે ઘાસચારા માટે સરકારી ડેપો.

13. ઘાસચારાંનાં વાવેતરને ઉત્તેજન આપવામાં આવશે.

14. પશુચારો અને ખાણ-દાણના ભાવવધારાનું નિયમન કરવામાં આવશે.

15. માલધારી સમાજના સામાજિક - આર્થિક ઉત્કર્ષ માટે ગોપાલક વિકાસ નિગમને રૂ. 1,000/- કરોડની બજેટ ફાળવણી.

16. માલધારી સમાજની બહેનો માટે 'માલધારી મહિલા પરંપરાગત હુનર વિકાસ યોજના' હેઠળ તાલીમ અને લોન સહાય તથા માર્કેટિંગ માટે માર્ગદર્શન.

17. માલધારીઓને ખેડૂત ખાતેદારોનો હક આપવા માલધારી તરીકેના દાખલા આપવામાં આવશે.

18. માલધારીઓના વાડાઓ નિયમિત કરાશે.

19. દરેક શહેર – મોટા ગામોમાં માલધારી વસાહતો ઊભી કરાશે.

20. કોંગ્રેસના સમયમાં માલધારી યુવાનોને પશુ ડોક્ટર બનવા મળતી 3% અનામતનો ફરી અમલ.

21. ખેતી સાથે પશુપાલન માટે પશુ ખરીદી, સંશોધન અને ચિકિત્સાને પ્રાધાન્ય અપાશે. દરેક જિલ્લા પંચાયત સીટ દીઠ પશુ દવાખાના ડોકટર્સ અને નિઃશુલ્ક દવા.

22. પશુપાલન માટે દરેક પરિવાર દીઠ ચાર ગાય ખરીદે ત્યાં સુધી પ્રતિ ગાય રૂ. 5,000/-ની સબસિડી.




## 07 માછીમાર - મત્સ્યઉદ્યોગ

01. માછીમારી પ્રવૃત્તિને ઉદ્યોગનો દરજ્જો આપી તમામ સુવિધાઓ અપાશે.

02. માછીમારોનું રૂ. 3 લાખ સુધીનું દેવું માફ.

03. મત્સ્યઉદ્યોગના હિત ધારકો સાથે વાતચીત કરી રાજ્યના 2003ના ફીશરીઝ એક્ટની સમીક્ષા / સુધારા.

04. માછીમાર સમાજના સામાજિક અને આર્થિક ઉત્કર્ષ માટે કોંગ્રેસની અગાઉની સરકારમાં કાર્યરત 'માછીમાર વિકાસ નિગમ'ને પુનઃ કાર્યરત કરાશે.

05. ગુજરાતમાં મેરીટાઇમ યુનિવર્સિટીની સ્થાપના.

### પોર્ટસ

01. માછીમારી માટે સૌરાષ્ટ્રના દરિયાકિનારામાં દરેક જિલ્લામાં ઓછામાં ઓછા એક ફિશિંગ પોર્ટનો વિકાસ.

02. નિર્દેશ નહી કરાયેલ જેટીઓ નિયમિત કરાશે તેમજ દરિયાકિનારે ચોક્કસ અંતરે ફિશિંગ જેટીઓનું આયોજન.

03. પરંપરાગત માછીમારી માટે દેશી વહાણ ઉદ્યોગને વિકસાવવા જામનગર, પોરબંદર, સલાયા, વેરાવળ, માંગરોળ, માંડવી બંદરો પર દેશી વહાણ બાંધવાના યાર્ડો વિકસાવાશે.



### મત્સ્યઉદ્યોગ વિકાસ પ્રોત્સાહન

01. દરેક નાના-મોટા બંદરોના ફિશ માર્કેટ / સ્ટોર્સ / પ્રોસેસિંગ / કોલ્ડ સ્ટોરેજ / ગોડાઉનની સુવિધાઓ સાથેના ડેવલપમેન્ટ પ્લાન અને "માછીમાર વ્યાપાર ઝોન" ની રચના.

02. એ માટે રૂ. 2,000/- કરોડની ફાળવણી.

03. નાના-મોટા દરેક બંદરે ફિશિંગ માર્કેટ અને ફિશ ડ્રાયિંગ પ્લોટ્સની વ્યવસ્થા. માછીમારની સહકારી મંડળીને ઝડપથી ફાળવણી.

04. મત્સ્યઉદ્યોગના ઉત્પાદનની તપાસ માટે આધુનિક લેબોરેટરીની સગવડ.

05. મત્સ્યઉદ્યોગના નિકાસ વેપાર માટે 'એક્સપોર્ટ પ્રમોશન સેન્ટર' સ્થાપવામાં આવશે.

06. દરેક મુખ્ય બંદરે મત્સ્યઉદ્યોગ સબંધી તમામ પ્રકારના ખોરાક અને દવાઓના વેચાણની વ્યવસ્થા.

### અન્ય

01. એક્વા કલ્ચર ફાર્મિંગના તળાવો માટે રાહતદરે પ્રતિ યુનિટ રૂ.3 ના ભાવે વીજળી અપાશે.

02. પ્રદુષણ નિયંત્રણ કાયદા હેઠળ પ્રદુષિત કચરાને દરિયામાં છોડવા પર પ્રતિબંધ.

03. ફોરેન ફિશિંગ જહાજોને 12 નોટિકલ માઇલ પર પ્રવેશવા પર નિયંત્રણ અને પગલાંઓ.

### જહાજધારકો માટે

01. નવી બોટના રજીસ્ટ્રેશનની પ્રક્રિયાને સરળ બનાવી કોઈપણ માછીમારને રજીસ્ટ્રેશન આપવામાં આવશે.

02. નવી બોટ ખરીદવા કે સમારકામ માટે હળવી શરતની લોન અને આર્થિક સહાય અપાશે.

03. અગાઉ કોંગ્રેસ સરકારમાં માછીમારોને મળતો ડીઝલ તથા કેરોસીનનો પૂરતો જથ્થો સબસીડી સાથે ફરી શરૂ કરાશે અને હાલ સરકાર તરફથી મળતી વેટ રાહત (સબસીડી)માં વધારો કરાશે.

04. બોટ માલિકોને વાર્ષિક 36,000 લીટર સુધી ડીઝલ અને નાની ફાઇબર બોટ-પિલાણાને કેરોસીનને બદલે પેટ્રોલ વાપરવાની મંજૂરી સાથે વાર્ષિક 4,000 લીટર સુધીની ફાળવણી કરવામાં આવશે.

05. પાકિસ્તાનના કબજામાં રહેલ બોટના માલિકોને રૂ. 50.0 લાખ સુધીનું આર્થિક પેકેજ અને અવસાન પામેલ માછીમારના પરિવારને રૂ. 10.0 લાખની સહાય.

06. સરહદ ભંગ માટે પકડાયેલ માછીમારનો કોઈ ગુનાહિત ઈતિહાસ ન હોય તો બોટની જપ્તીને બદલે માત્ર દંડની જ કાર્યવાહી કરવા માટે નિયમોની સમીક્ષા.

07. દરિયાઈ તોફાનમાં માછીમારી બોટને થતાં નુકસાન એમએટીઇ વીમાની જોગવાઈ.

08. દરિયામાં ગયેલી બોટને જીપીએસ સિસ્ટમથી ટ્રેકિંગ અને બચાવની કામગીરીને અસરકારક બનાવાશે.

## માછીમાર વસાહતોનો વિકાસ

01. ફિશરીસ ડિપાર્ટમેન્ટમાં અલગ વિભાગ બનાવી રાજ્યની દરેક માછીમાર વસાહતોમાં પ્રાથમિક નાગરિક સુવિધાઓ (રસ્તા, પાણી, લાઈટ, ગટર, સ્કૂલ, દવાખાનું અને મજબૂત પ્રોટેક્શન વોલ) પૂરી પડાશે.

02. આ માટે રૂ.1,000 કરોડની ફાળવણી.

03. માછીમારી વસાહતોમાં પાકા મકાનો અને પીવાના પાણીની વ્યવસ્થા આપવામાં આવશે.

04. સાગર ખેડૂઓના કલ્યાણ માટે કિનારાવર્તી જિલ્લાઓમાં સાગર ખેડૂ ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર.

05. સાગરખેડૂની કન્યાઓના શિક્ષણ માટે વસાહતોમાં 'સાગરખેડૂ કન્યા શાળા'ઓ શરૂ કરાશે.

06. સાગરખેડૂની કન્યાઓને પણ કે.જી. થી પી.જી. સુધી મફત શિક્ષણની વ્યવસ્થા મળશે.

## સામાજિક સુરક્ષા

01. સાગરખેડૂઓને વ્યવસાય માટે લોન- સહાય અને યોજનાઓનો અમલ.

02. માછીમાર ભાઈ-બહેનો માટે દરેકને રૂ. 10 લાખ સુધીનો આરોગ્ય વીમો અને 'રાજીવ ગાંધી અકસ્માત વીમા' યોજના હેઠળ રૂ. 5 લાખ સુધી અકસ્માત વીમો.

03. સાગરખેડૂ ભાઈઓ માટે ક્રેડીટ સોસાયટી અને બેંકની વ્યવસ્થા કરાશે.

04. ઓફ સીઝનમાં માછીમારોના નિભાવ માટે બચત અને રાહત યોજના શરૂ કરાશે.




# 08 શ્રમ કાયદા- સંગઠિત –અસંગઠિત ક્ષેત્રના કામદારો

## શ્રમ કાયદાઓ

01. કેન્દ્ર સરકાર દ્વારા પસાર કરાયેલા ચાર લેબર કોડના અમલીકરણ અંગે કામદારોના હિતમાં કરેલા સુધારા પુરતો જ અમલ.

02. ફડચામાં ગયેલ બંધ કંપનીઓના કામદારોના લેણાંની ઝડપી વસૂલાત અને એનસીએલ.ટી / ડીઆરટીમાં કામદારોના હિતની રક્ષા માટે રાજ્ય સરકારની દરમ્યાનગીરી / કાયદાઓમાં જરૂરી સુધારા માટે કાર્યવાહી.

03. છેલ્લાં વર્ષોમાં રાજ્ય સરકાર દ્વારા શ્રમિકોને નુકસાન કરતાં જે સુધારાઓ કાયદામાં કર્યા છે તેની સમીક્ષા અને જરૂરી સુધારાઓ.

04. મજૂર કાયદાઓના અસરકારક અમલની સાથે કામની જગ્યાએ સલામતી માટે સુદ્રઢ મોનિટરીંગ.

05. કામદારોના પ્રશ્નોના ઉકેલ માટે લેબર કમિશનરની કચેરીમાં અગાઉની કોંગ્રેસ સરકારમાં હતી તેવી અસરકારક વ્યવસ્થા ફરી શરૂ કરાશે.

06. લેબર કોર્ટને ફાસ્ટ ટ્રેક કરાશે. ત્રણ માસમાં ચુકાદો મળે તે માટે જરુરી કાર્યવાહી કરાશે.

07. દરેક ઉદ્યોગ અને વ્યવસાય માટે લઘુતમ વેતનને મોંઘવારીના આંક સાથે જોડી દર ત્રણ મહીને નવો દર નક્કી કરાશે. દૈનિકની સાથે સાથે પ્રતિ કલાક દર પણ નિશ્ચિત કરવામાં આવશે.

08. કોન્ટ્રેક્ટ કામદારોને મજૂર કાયદાઓનો લાભ જેમ કે પી.એફ. / ઈ.એસ.આઈ. / બોનસનો લાભ મળે તેવી વ્યવસ્થા તેમજ 'સમાન કામ – સમાન વેતન' નો અમલ.

09. ઔદ્યોગિક વસાહતો અને શહેરોમાં મજૂર વસાહતોમાં 'ઇન્દિરા ગાંધી અન્નપુર્ણા યોજના' હેઠળ રૂ. 8/- માં ભોજન માટે કેન્ટીનો.

10. કામદારો માટે દરેક વસાહતની આસપાસ રહેણાંક, શાળા અને દવાખાનાની સાથે લેબર કોલોની.

11. બંધ પડેલી કે ફડચામાં ગયેલી તમામ સુગર મિલોના કામદારોના લેણાંની ચૂકવણીને અગ્રતા.

12. શ્રમિકોનું શોષણ અટકાવવા હાલની જનભાગીદારી નીતિની સમીક્ષા.

## સંગઠિત ક્ષેત્રનાં કામદારો

### સરકારી-અર્ધ સરકારી કર્મચારી

01 તમામ વર્ગના કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના (OPS) લાગૂ.

02. સરકારી/ અર્ધ સહકારી/ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સહિતના તમામ ખાતામાં કોન્ટ્રાક્ટ પ્રથા, આઉટસોર્સિંગ અને ફિક્સ પગારની પ્રથા નાબૂદ.

03. છેલ્લાં દસ વર્ષોથી કે તેની પહેલાંથી કામ કરતાં કર્મચારીઓને કાયમી કરવામાં આવશે.

04. વન વિભાગ, માર્ગ મકાન, સિંચાઇ કે અન્ય કોઇ પણ સરકારી / અર્ધસરકારી / સ્થાનિક સ્વરાજ્યની સસ્થાઓમાં દસ વર્ષથી કામ કરતા રોજમદાર મજૂરોને કાયમી કરાશે.

05. સરકારી અને અર્ધસરકારી કર્મચારીઓના અવસાનના કિસ્સામાં વારસદારોને રહેમરાહે નોકરી.

06. જ્યાં સુધી ઉપરોક્ત કાયમી ભરતી પ્રથાનો સંપૂર્ણ અમલ થઈ શક્યો ન હોય ત્યાં સુધી આ તમામ કર્મચારીઓના ખાતામાં સીધા સરકારી ચેકથી પગારની ચૂકવણી તેમજ તમામ મજૂર કાયદાનો અમલ કરવામાં આવશે.

07. નિવૃત કર્મચારીઓ-અધિકારીઓને વારંવારની કરાર અધારિત નિમણૂંકો બંધ.
આશા વર્કરો, મધ્યાહન ભોજન કર્મચારી- પાર્ટ ટાઇમ કર્મચારીઓ.

08. **આંગણવાડી વર્કર, આશા વર્કર, મધ્યાહન ભોજન કર્મચારી અને તમામ સરકારી-અર્ધ સરકારી પાર્ટ ટાઇમ કર્મચારીઓને મોંઘવારી આંક સાથે લિન્ક કરેલ લઘુતમ વેતન આધારિત સન્માનજનક વેતન અપાશે.**

09. આ તમામ કર્મચારીઓને મજૂર કાયદાઓનું બોનસ, પીએફ, ગ્રેચ્યુટી અને રજાઓનો લાભ અપાશે.

10. તમામને રાજીવ ગાંધી આકસ્મિત વીમા યોજના હેઠળ રૂ. 5 લાખનો વીમો , આરોગ્ય માટે રૂ. 10 લાખ સુધીની સરકારી હોસ્પિટલમાં ફ્રી સારવાર / તપાસ / દવા અને ફ્રી કન્યા શિક્ષણ તેમજ દીકરાઓ માટે પરવડે તેવી ફ્રી માટેની ફ્રી રાહત નો લાભ આપવામાં આવશે.

### એડવોકેટસ

01 એડવોકેટ પર થતા હુમલા અને રક્ષણ માટે 'એડવોકેટ પ્રોટેક્શન એક્ટ' બનાવાશે.

02. કોર્ટ ફીની સમીક્ષા કરવામાં આવશે.

03. કોર્ટ પરિસરમાં એડવોકેટને બેસવા યોગ્ય વ્યવસ્થાને પ્રાથમિકતા અપાશે.

04. જુનિયર એડવોકેટને (1 થી 3 વર્ષ ) સ્ટાઈપેન્ડ માટે વિચારણા કરવામાં આવશે.

05. એડવોકેટસ લેબર વેલ્ફેર બોર્ડની રચના કરવામાં આવશે.

06. એડવોકેટને પણ રાજીવ ગાંધી અકસ્માત વીમા યોજના હેઠળ રૂ.5 લાખનો વીમો આરોગ્ય માટે રૂ.10 લાખ સુધીની સરકારી હોસ્પિટલમાં ફ્રી સારવાર / તપાસ / દવા અને ફ્રી કન્યા શિક્ષણ તેમજ દીકરાઓ માટે પરવડે તેવી ફ્રી માટેની ફ્રી રાહતનો લાભ આપવામાં આવશે.

### શિક્ષકો – અધ્યાપકો

01. ખાનગી શાળાઓના શિક્ષકો માટે પે સ્કેલ નક્કી કરાશે.

02. સરકારી, અર્ધ સરકારી શાળાઓના શિક્ષકોને શિક્ષણ સિવાયની કામગીરી બંધ.

03. લાયકાત ધરાવતાં શિક્ષકો – અધ્યાપકની ભરતીનું કેલેન્ડર પ્રસિદ્ધ કરાશે.

04. પાર્ટ ટાઇમ અધ્યાપકોને કાયમી કરાશે અને ખાલી જગ્યાઓની ભરતીમાં અગ્રીમતા અપાશે.

05. સરકારી/ અર્ધસરકારી શાળાઓના શિક્ષકોને શિક્ષણ સિવાયની વધારાની કામગીરી સોંપવાનું બંધ.

06. પત્રકારોને પણ રાજીવ ગાંધી અકસ્માત વીમા યોજના હેઠળ રૂ. 5 લાખનો વિમો, આરોગ્ય માટે પરિવારના દરેક સભ્યને રૂ. 10 લાખની સરકારી હોસ્પિટલમાં ફ્રી સારવાર / તપાસ / દવા અને બાળકોના શિક્ષણ માટે ફ્રી કન્યા શિક્ષણ તેમજ પરવડે તેવી ફ્રી માટેની ફ્રી રાહતનો લાભ અપાશે.

### પત્રકારો જર્નાલિસ્ટ

01. પત્રકારો-જર્નાલિસ્ટ માટે તેમના પર થતા હુમલા અને સુરક્ષા માટે 'જર્નાલિસ્ટ પ્રોટેક્શન એક્ટ' બનાવાશે.

02. નાના સાપ્તાહિક અખબારોને અપાતી જાહેરાતો અને તેમના ભાવની સમીક્ષા કરાશે.

03. અગાઉ પત્રકાર કોલોની માટે અપાતી જમીન,/ મકાન ફાળવળી / લોન ફરી શરૂ કરાશે.

04. પત્રકારો માટે બહુમાળી બિલ્ડિંગમાં પ્રેસરૂમની વ્યવસ્થા અને દરેક જિલ્લામાં પ્રેસ રૂમ બનાવાશે.

05. પત્રકારોને પણ રાજીવ ગાંધી અકસ્માત વીમા યોજના હેઠળ રૂ.5 લાખનો વિમો, આરોગ્ય માટે પરિવારના દરેક સભ્યને રૂ.10 લાખની સરકારી હોસ્પિટલમાં ફ્રી સારવાર / તપાસ / દવા.

06. બાળકોના શિક્ષણ માટે ફ્રી કન્યા શિક્ષણ તેમજ પરવડે તેવી ફ્રી માટેની ફ્રી રાહત નો લાભ અપાશે.

07. પત્રકાર મિત્રોના એક્રેડિટેશન, ટ્રીબ્યુનલ વગેરે પ્રશ્નોની સમીક્ષા કરી મીડિયા ફ્રેન્ડલી બનાવાશે.

08. પત્રકારોના લાભાર્થે પત્રકાર વેલ્ફેર બોર્ડની રચના કરાશે.

## અસંગઠિત ક્ષેત્રનાં કામદારો

### સ્વરોજગાર - મજૂરો

01. આખા ગુજરાતમાં લારી, પાથરણા, ફેરિયા ભાઈઓને તંત્રની કનડગત અને હપ્તા રાજ તેમજ ધંધાની અસલામતીના ભયમાંથી મુક્ત કરાશે.

02. અસંગઠિત કામદારો અને સ્વરોજગારીતો આર્થિક વિકાસ માટે 'ડો. બાબાસાહેબ આંબેડકર શ્રમિક વેલ્ફેર બોર્ડની' રચના અને રૂ. 5,000/- કરોડની ફાળવણી.

03. આ બોર્ડ દ્વારા સ્વરોજગારિત ભાઈ/બહેનોને ધંધાના વિકાસ માટે હળવા શરતની લોન-સબસિડી.

04. સ્વરોજગાર ક્ષેત્રના લારી ગલ્લાં, પાથરણાં, રીક્ષા ચાલક, કડિયા-સુથાર જેવા અને અન્ય તમામ સ્વરોજગારીતોને ગ્રીન શ્રમિક ઓળખકાર્ડ અને તે જ રીતે છૂટક મજૂરી કરતાં તમામ ભાઇ-બહેનોને બ્લ્યુ શ્રમિક ઓળખકાર્ડ અપાશે.

05. શ્રમિક ઓળખકાર્ડ ધરાવનારાઓને "ઘરનું ઘર" યોજનામાં આવાસોની ફાળવણીમાં પ્રાથમિકતા.

06. તમામ કાર્ડ ધારકોને સરકારી દવાખાનામાં રૂ. 10 લાખ સુધીની ફ્રી સારવાર, તપાસ, દવા અને રૂ. 5 લાખનો અકસ્માત વીમો મળશે.

07. તેઓને રાજીવ ગાંધી અકસ્માત વીમા યોજના હેઠળ રૂ.5 લાખનો વીમો, આરોગ્ય માટે રૂ.10 લાખ સુધીની સરકારી હોસ્પિટલમાં ફ્રી સારવાર / તપાસ / દવા અને બાળકોના શિક્ષણ માટે ફ્રી કન્યા શિક્ષણ તેમજ દીકરાઓ માટે પરવડે તેવી ફ્રી માટે ફ્રી રાહત યોજનાનો લાભ અપાશે.

08. રોજનું કમાઈને રોજ ખાનાર હોય તેવી વ્યક્તિને અકસ્માત કે સર્જરીના કારણે હોસ્પિટલમાં દાખલ થવું પડે રૂ.25000/- સુધીની સીધી સહાય.

09. વ્યાજખોરોના ત્રાસમાંથી મુક્ત કરાવવા 'શાહુકાર ધારા' નો અસરકારક અમલ.

10. સુથારી, પ્લમ્બિંગ, કડિયાકામ જેવી સેવા પૂરી પાડતા સ્વરોજગારીતો માટે સરકાર તરફથી ઈ-પોર્ટલની સુવિધા શરૂ કરાશે.

## અગરિયા

01. અગરિયાઓ માટે સહકારી સંસ્થા બનાવી કાયદેસરનું સ્ટેટ્સ અપાશે.

02. ઘુડખર આરક્ષિત ઝોનમાં મીઠા અગરિયાઓ માટે કુંડ કે તળાવ અથવા પાર્કની જરૂરી મંજૂરી સરળ બનાવવા માટે કાર્યવાહી.

03. સોલાર પંપ – સોલાર લાઈટ માટે સબસિડી અને હળવી શરતની લોન અપાશે.

04. તેમની પ્રાથમિક સુવિધા માટે પાકા મકાન, બાળકોને શિક્ષણ અને આરોગ્યની સગવડો અપાશે.

05. મોબાઇલ ફોનમાં સિગ્નલ / જીપીએસ સિસ્ટમ માટે અગર વિસ્તારોમાં મોબાઇલ ટાવરો.

06. અગરિયાઓ માટે અસંગઠિત ક્ષેત્રના કામદારોના સામાજિક આર્થિક ઉત્થાન માટે રચાયેલ 'ડો. બાબાસાહેબ આંબેડકર શ્રમિક વેલ્ફેર બોર્ડ' સાથે સાંકળી લેવાશે અને અસંગઠિત કામદારો માટેની તમામ યોજનાઓનો લાભ આપવામાં આવશે.

07. અગરિયાઓને પીવાના પાણી માટે રણમાં આર. ઓ. કિઓસ્ક બનાવાશે.

08. અગરિયાઓને રાજીવ ગાંધી અકસ્માત વીમા યોજના હેઠળ રૂ. 5 લાખનો વીમો, આરોગ્ય માટે રૂ. 10 લાખ સુધીની સરકારી હોસ્પિટલમાં ફ્રી સારવાર / તપાસ / દવા અને બાળકોના શિક્ષણ માટે ફ્રી કન્યા શિક્ષણ તેમજ દીકરાઓ માટે પરવડે તેવી ફ્રી માટે ફ્રી રાહત યોજનાનો લાભ અપાશે.

## બાંધકામ શ્રમિક

01. બાંધકામ શ્રમિક બોર્ડ પાસે જમા તમામ રકમનો શ્રમિકોના કલ્યાણ માટે ઉપયોગ કરાશે.

02. તેમના સામાજિક અને આર્થિક કલ્યાણ માટે ગુજરાત કન્સ્ટ્રકશન લેબર વેલ્ફેર બોર્ડમાં ફરજીયાત નોંધણી કરાશે. બાંધકામ સ્થળે કામ કરતાં શ્રમિકોને નોંધણીની જવાબદારી મેનેજમેન્ટ પર નખાશે.

03. બાંધકામ કામદારોને બોનસ માટે હક્કદાર બનાવાશે.

04. "ગુજરાત કન્સ્ટ્રકશન લેબર વેલ્ફેર બોર્ડને" કાર્યક્ષમ બનાવવા નિયમોની પુનઃ સમીક્ષા કરાશે.

05. શહેરી બેરોજગાર બાંધકામ શ્રમિકોને પ્રસ્તાવિત 'ઇન્દિરા ગાંધી શહેરી રોજગાર ગેરંટી યોજના' હેઠળ આવરી લેવામાં આવશે - હર હાથ કો કામ, હર ઘર ખુશહાલી.

06. નોંધાયેલા શ્રમિકોને પોતાનું મકાન બનાવવા/ રીપેર કરવા રૂ. 2 લાખ સુધીની લોન / સહાય.

07. લઘુતમ વેતન રૂ. 500/- દિવસ નિશ્ચિત.

08. અન્નપુર્ણા યોજનાનો લાભ નહીં મેળવવા માંગતા શ્રમિકોને અવેજમાં અનાજની કૂપન મળશે.

09. બાંધકામ કલ્યાણ બોર્ડમાં હિત ધારકો / કામદારોના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવશે.

10. તેઓને રાજીવ ગાંધી અકસ્માત વીમા યોજના હેઠળ રૂ. 5 લાખનો વીમો તેમજ આરોગ્ય માટે રૂ. 10 લાખ સુધીની સરકારી હોસ્પિટલમાં ફ્રી સારવાર, તપાસ, દવા અને બાળકોના શિક્ષણ માટે ફ્રી કન્યા શિક્ષણ તેમજ દીકરાઓ માટે પરવડે તેવી ફ્રી માટે ફ્રી રાહત યોજનાનો લાભ અપાશે.

## ઘરકામ શ્રમિકો

01. ઘરેલું કામદારો માટે લઘુત્તમ વેતન અને બોનસના નિયમો બનાવવામાં આવશે.

02. ઘરકામ કરતાં શ્રમિકોને અસંગઠિત ક્ષેત્રના કામદારોના સામાજિક આર્થિક ઉત્થાન માટે રચાયેલ 'ડો. બાબાસાહેબ આંબેડકર શ્રમિક વેલ્ફેર બોર્ડ' સાથે સાંકળી લેવાશે.

03. ઘરકામ કરતાં શ્રમિકોને આરોગ્ય, રેશનકાર્ડ, શિક્ષણ અને રહેણાંકની સુવિધા મળશે.

04. ઘરકામ સાથે જોડાયેલ શ્રમિકોને આઈ કાર્ડ અપાશે.

05. તેઓને રાજીવ ગાંધી અકસ્માત વીમા યોજના હેઠળ રૂ. 5 લાખનો વીમો, આરોગ્ય માટે રૂ. 10 લાખ સુધીની સરકારી હોસ્પિટલમાં ફ્રી સારવાર / તપાસ / દવા અને બાળકોના શિક્ષણ માટે ફ્રી કન્યા શિક્ષણ તેમજ દીકરાઓ માટે પરવડે તેવી ફ્રી માટે ફ્રી રાહત યોજનાનો લાભ અપાશે.

## રીક્ષા – ટેક્ષી ચાલકો

01. રાજ્યમાં રીક્ષા-ટેક્ષી ચાલકોના સામાજિક/આર્થિક ઉત્થાન માટે 'રીક્ષા ચાલક વેલ્ફેર બોર્ડ' રચાશે.

02. રિક્ષાચાલકોના ડ્રાઈવિંગ લાયસન્સ અને બેઝ માટે આર.ટી.ઓ. ના નિયમોની પુનઃ સમીક્ષા કરાશે.

03. ટ્રાફિક પોલીસ અને RTO દ્વારા રીક્ષા ટેમ્પો ને કરાતા આકરા દંડની જોગવાઈઓની સમીક્ષા કરાશે તેમજ મોટર વિહિકલ એક્ટની કલમ 183, 189 નો દુરુપયોગ બંધ કરાશે.

04. રીક્ષા ભાડાને સી.એન.જી. / પેટ્રોલના ભાવ અને મોંઘવારી સાથે જોડીને ભાડાના દર નક્કી કરાશે.

05. રીક્ષા ડ્રાયવરોને પડતી પોલીસ હેરાનગતીને રોકવા વર્ષે બે વખત 'સંવાદ સેતુ' કાર્યક્રમ યોજાશે.

06. જિલ્લા અને રાજ્ય સ્તરે આરટીઓ માટે હિત ધારકોના પ્રતિનિધિત્વવાળી સલાહકાર સમિતિ બનશે.

07. તેમના જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણમાં ફ્રી શીપ/ રાહત ફ્રી/ સ્કોલરશીપની જોગવાઈ કરાશે.

08. તેમને રીક્ષા માટે લો માર્જિન/ રાહત વ્યાજ સાથે લોનની વ્યવસ્થા કરાશે.

09. ઓટો ફાઈનાન્સ કંપનીના લોન માટેના દસ્તાવેજો ડ્રાઈવરો સમજી/ વાંચી શકે તેવી ભાષામાં તૈયાર કરવા નિયમો બનાવાશે.

10. ઓટોરીક્ષા ધિરાણના પણ શાહુકાર ધારો લાગુ પડી ઊંચા વ્યાજ/ પેનલ્ટી પર રોક લગાવશે. રીક્ષા ડ્રાઈવરોને સોફ્ટ સ્કીલ અને પેસેન્જરો સાથેના વ્યવહાર માટે તાલીમ ની વ્યવસ્થા.

11. ઘર વિહોણા રીક્ષા ડ્રાયવરોને 'ઘરનું ઘર' યોજના હેઠળ મકાન ફાળવણીમાં અગ્રતા અપાશે.

12. પેસેન્જર દ્વારા ગેરકાયદે વસ્તુઓની હેરફેરના કિસ્સામાં રીક્ષા ડ્રાયવરોને પડતી કાયદાકીય મુશ્કેલી નિવારવા નિયમોની સમીક્ષા કરી સુધારો કરાશે.

13. પેસેન્જર રીક્ષા માટે શહેરી વિસ્તારોમાં જુદા જુદા સ્થળે સત્તાવાર રીક્ષા સ્ટેન્ડ બનાવાશે.

14. લોડીંગ ટ્રક-ટેમ્પો-ટેક્ષી માટે શહેરી વિસ્તારમાં પાર્કિંગની વ્યવસ્થા કરાશે.

15. તેઓને રાજીવ ગાંધી અકસ્માત વીમા યોજના હેઠળ રૂ. 5 લાખનો વીમો, આરોગ્ય માટે રૂ. 10 લાખ સુધીની સરકારી હોસ્પિટલમાં ફ્રી સારવાર / તપાસ / દવા અને બાળકોના શિક્ષણ માટે ફ્રી કન્યા શિક્ષણ તેમજ દીકરાઓ માટે પરવડે તેવી ફ્રી માટે ફ્રી રાહત યોજનાનો લાભ અપાશે.

## રત્ન કલાકાર

01. હીરા ઉદ્યોગના શ્રમિકોને માટે ગુજરાત રત્ન કલાકાર વેલ્ફેર બોર્ડની રચના કરવામાં આવશે.

02. રત્ન કલાકારોની સામાજિક સુરક્ષા માટે તેઓને રજા, બોનસ, પી.એફ., ગ્રેચ્યુટી, લે ઓફ વળતર મળે તેમજ સલામતી / અકસ્માત વળતર મળે તે માટે કાયદાકીય જોગવાઈ કરવામાં આવશે.

03. તેઓને રાજીવ ગાંધી અકસ્માત વીમા યોજના હેઠળ રૂ. 5 લાખનો વીમો તેમજ આરોગ્ય માટે રૂ. 10 લાખ સુધીની સરકારી હોસ્પિટલમાં ફ્રી સારવાર, તપાસ, દવા અને બાળકોના શિક્ષણ માટે ફ્રી કન્યા શિક્ષણ તેમજ દીકરાઓ માટે પરવડે તેવી ફ્રી માટે ફ્રી રાહત યોજનાનો લાભ અપાશે.

## એસ.ટી. કોર્પોરેશન કર્મચારીઓ

01. સ્ટેટ - મ્યુનિસિપલ પરિવહનમાં તમામ કામ માટે કોન્ટ્રેક્ટ સિસ્ટમ દૂર કરી કાયમી ભરતી કરાશે.

02. એસ.ટી કર્મચારીઓને પેન્શન યોજના હેઠળ આવરી લેવામાં આવશે.

03. ફરજ પર નિધન પામનાર કંડકટર – ડ્રાઇવરના પરિવારને રહેમરાહે નોકરી મળશે.

04. એસ.ટી.ના કર્મચારીઓના પ્રશ્નોના નિકાલ માટે 'મેનેજમેન્ટ અને કર્મચારીઓની સંકલન સમિતિ'ની રચના કરાશે. તેમજ પેસેન્જર પ્રશ્નોના નિકાલ માટે 'પેસેન્જર સલાહકાર સમિતિ' બનાવાશે.

05. એસ.ટી. સ્ટાફની કાર્યક્ષમતા વધારવા તાલીમ અને સર્વિસ રુલ્સનું અસરકારક પાલન કરાશે.

06. કુશળ અને બિનકુશળ રોજમદાર શ્રમિકને લઘુતમ વેતન અપાશે.

07. તેઓને રાજીવ ગાંધી અકસ્માત વીમા યોજના હેઠળ રૂ. 5 લાખનો વીમો, પરિવારના દરેક સભ્યોને આરોગ્ય માટે રૂ. 10 લાખ સુધીની સરકારી હોસ્પિટલમાં ફ્રી સારવાર / તપાસ / દવા અને બાળકોના શિક્ષણ માટે ફ્રી કન્યા શિક્ષણ તેમજ દીકરાઓ માટે પરવડે તેવી ફ્રી માટે ફ્રી રાહત યોજનાનો લાભ મળશે.






# 09 શહેરી વિકાસ, ઘરનું ઘર, પ્રાથમિક નાગરિક સુવિધાઓ, આવાસ

## નાગરિક સુવિધાઓ

01. ઘર - ઘર સુધી સ્વચ્છ પીવાનું પાણી, ટકાઉ પાકા રસ્તા, ભૂગર્ભ ગટર, સફાઇ, સ્ટ્રીટ લાઇટ ગાર્ડન, લાઇબ્રેરી, જિમ્સ, બાલ ભવન - ક્રિડાંગણ, પબ્લિક સ્કૂલ, દવાખાના, કોમ્યુનિટી સેન્ટર/ હોલ્સ.

02. શાક માર્કેટ્સ, પાથરણાં બજાર, લારી સ્ટેન્ડ, રીક્ષા સ્ટેન્ડ, પબ્લિક ટોઇલેટસ, પે અને પાર્ક સુવિધા.

03. દરેક ઝોનમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ઇન્ડોર ગેમ્સ સ્ટેડિયમ, સ્વિમિંગ પૂલ્સ, એમ્યુઝમેન્ટ પાર્ક.

04. શહેરો અને ગામમાં દરેક વિસ્તારમાં રમત ગમતને ઉત્તેજન આપવા માટે, સાર્વજનિક હેતુ માટે ખુલ્લા પ્લોટનું આયોજન.

05. શહેરોમાં ઉભરાતી ગટરો અને ચોમાસામાં પાણીના ભરાવાને રોકવા અનુભવી અને વિશ્વસનીયતા વાળા કન્સલટન્ટ અને એજન્સીઓની નિયુક્તિ.

06. ગુણવત્તાયુક્ત કામ માટે લોક ભાગીદારી સુનિશ્ચિત કરાશે.

07. દરેક નવા વિકસિત વિસ્તારમાં ટીપી સ્કીમમાં ઉપરોક્ત હેતુઓ માટે વિસ્તારવાર પ્લોટ્સ રિઝર્વ કરી આગોતરું આયોજન - દરેક મહાનગરપાલિકાના વોર્ડમાં રિટેલ ઝોન વિકસાવાશે.

08. જળ સંચયની સુવિધા માટે ટીપી સ્કીમમાં શહેરી તળાવોનું આયોજન કરાશે.

09. ઝુંપડા વસાહતો અને ચાલીઓમાં કોઈ પણ શરતો વગર ગટર, પાણી અને લાઇટની સુવિધાઓ આપવામાં આવશે. વસ્તીના પ્રમાણમા શૌચાલયોની વ્યવસ્થાં પણ આપવામાં આવશે.

10. વારંવાર તૂટી જતાં રોડની ગુણવત્તા માટે ટકાઉ સ્પેસિફિકેશન્સ અને કામની ગુણવત્તાપૂર્ણ કામગીરી માટે ક્વોલિટી કન્ટ્રોલની જવાબદારી સાથેની જોગવાઇ.

11. મોટા શહેરોમાં પ્રાથમિક સુવિધાઓની સમસ્યાના નિકાલ માટે યોગ્ય અનુભવી એજન્સીની નિયુક્તિ અને યુદ્ધના ધોરણે સર્વે તથા કામગીરી હાથ ધરાશે.

12. પે એન્ડ યુઝ ચાર્જિસને રહેવાસીઓને પરવડે તેવા નિશ્ચિત કરવામાં આવશે.

## રાહદારીઓ માટે

01. રાહદારીઓ માટે શહેરોમાં લીફ્ટની સુવિધા સાથે ચાર રસ્તાઓ પર ફૂટ ઓવર બ્રીજ.

02. સિનીયર સિટીઝન અને બાળકોની સલામતી માટે ક્રોસિંગ / સિગ્નલની વ્યવસ્થા.

03. શહેરોમાં યોગ્ય અંતરે મહિલા અને પુરુષો માટે ટોઇલટની વ્યવસ્થા.

## ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા

01. નવી ટી.પી.સ્કીમમાં પાર્કિંગની વ્યવસ્થા ઉપરાંત ગીચ વસ્તી વિસ્તારોમાં "પે એન્ડ પાર્ક" ની સુવિધા.

02. પુરતી પાર્કિંગ સુવિધા સાથે બજાર કેન્દ્રો વિકસિત કરાશે.

03. મુખ્ય શહેરોમાં ફ્લાયઓવર – અન્ડરપાસ અને સિગ્નલ્સ મોટા પ્રમાણમાં લાગું કરાશે.

## ગાર્ડન કોમ્યુનિટી સેન્ટર તથા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ

01. તમામ શહેરોમાં નવા રમત ગમત સંકુલ, ઇન્ડોર ગેમ્સ સ્ટેડીયમ , સ્વિમિંગપૂલ્સ અને યુવા મંડળોની પ્રવૃત્તિ વિકસાવવામાં આવશે.

02. સામાજિક પ્રસંગો માટે મોટા શહેરો / નગરપાલિકાઓમાં નવા કોમ્યુનિટી હોલ- પાર્ટી પ્લોટ બનાવાશે.

## પ્રજાકીય ફરિયાદોનો નિકાલ

01. પ્રજાકીય ફરિયાદોના કાર્યક્ષમ સમયબદ્ધ નિકાલ માટે સીટીઝન ચાર્ટરનો વ્યાપ વધારી તેના અસરકારક અમલ માટે આર.ટી.આઇની તર્જ પર "નાગરિક અધિકાર કમિશન" ની રચના.

02. દરેક વોર્ડ અને વિભાગોમાં જન ભાગીદારી માટે "નાગરિક સલાહકાર સમિતિ" ઓની રચના.

## અન્ય

01. ગુજરાત સરકારે હાઉસિંગ સોસાયટીઓ માટે 1982 થી 2001 દરમ્યાન જે જે ફ્લેટ એલોટમેન્ટ કે પઝેશનથી એલોટ થયા હોય એ તમામ ફ્લેટના માલિકોએ તે સમયની જંત્રી અને પેનલ્ટી ભરવાનું જાહેર કરાયેલ પરિપત્ર રદ કરાશે.

02. સ્ટેમ્પ પેપર/ પાવર ઓફ એટર્નીથી અસ્તિત્વમાં આવેલ 5 0 વાર સુધીના આવાસો - સોસાયટીઓને રેગ્યુલરાઇઝ કરાશે.

## પબ્લિક ટ્રાન્સપોર્ટ

01. સુરત, વડોદરા અને રાજકોટમાં મેટ્રો રેલ શરૂ કરાશે.

02. રાજ્ય પરિવહનની બસોની સંખ્યામાં વધારો કરી ભાડાનું નિયમન કરાશે.

03. શહેરોમાં બી.આર.ટી.એસ. રૂટની પુનઃ સમીક્ષા કરીને નવી બસો ઉમેરાશે.

04. ખાનગી ટ્રાન્સપોર્ટ ઓપરેટરોના મુસાફરો માટે શહેરોમાં ખાનગી બસ સ્ટેશન બનાવાશે.

05. તમામ મહત્વના શહેરોમાં શહેરી બસ ટ્રાન્સપોર્ટ સર્વિસ શરૂ કરાશે.

06. સ્ટેટ ટ્રાન્સપોર્ટ બસોને સ્વચ્છ સલામત અને સગવડભરી મુસાફરી કિફાયતી ભાડાથી પ્રજાલક્ષી પસંદ તરીકે વિકસાવવામાં આવશે.

07. ગ્રામીણ રીક્ષા-છકડાને સલામત ડિઝાઇન સાથે કાયદેસરતા આપવામાં આવશે અને તેમને હપ્તા રાજમાંથી મુક્ત કરાશે.

**ઘરનું ઘર**

## ઘરના ઘરની ફાળવણી અને સરકારી કે અર્ધ સરકારી સંસ્થાઓ દ્વારા આવાસ નિર્માણ

01. કોંગ્રેસની સરકારનો બહેનોને 'ઘરનું ઘર' મળે તે માટે આગામી પાંચ વર્ષનો મુખ્ય ધ્યેય બની રહેશે.

02. આગામી પાંચ વર્ષમાં શહેરી વિસ્તારમાં રાજીવ ગાંધી આવાસ હેઠળ 25 લાખ અને ગ્રામિણ વિસ્તારમાં ઇન્દિરા આવાસ હેઠળ 10 લાખથી વધુ મકાનોનું નિર્માણ કરાશે. કોંગ્રેસ 8 મહાનરપાલિકા અને 156 નગરપાલિકાઓમાં તથા 1 8 હજાર ગામોમાં મહિલાના નામે 'ઘરનું ઘર' આપશે.

03. તમામ ઘરોની ફાળવણી મહિલાઓના નામે કરાશે. ફાળવણીમાં એકલ મહિલા, ત્યકતા, વિધવા, દિવ્યાંગ અને વૃધ્ધને પ્રથમ પસંદગી.

04. છેલ્લાં 30 વર્ષમાં ટીપી અમલીકરણ અને વિવિધ પ્રોજેક્ટના કારણે બેઘર કરી દેવાયેલા ઝુંપડાવાસીઓને નવા આવાસોની ફાળવણીમાં પ્રાથમિકતા અપાશે.

05. લો ઇન્કમ ગ્રુપના આવાસોમાં શક્ય હોય ત્યાં સુધી ચાર માળના લો રાઇઝ મકાનો બનાવાશે.

06. મોટી સંખ્યામાં આવાસોના નિર્માણ માટે શહેરી જમીન ટોચ મર્યાદા, ફાજલ જમીનનો 100 ટકા ઉપયોગ ઉપરોક્ત હેતુ માટે કરાશે.

07. પોતાનું મકાન નથી એવા તમામ રેશનકાર્ડધારકોને ઘરનું ઘર આપવા ગુજરાત હાઉસિંગ બોર્ડને સક્રિય કરાશે.

08. તમામ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં 31-12-2022 સુધીમાં ઝૂંપડા-ચાલીમાં વસવાટ કરતાં તમામ પરિવારોનો સરવે કરીને પુખ્ત પરિણિત પુત્રને અલગ વ્યક્તિ ગણીને નોંધણી કરાશે ઉપરાંત ફાળવણી માટેના વ્યવહારૂ ધોરણો નક્કી કરાશે. તે માટે અલગ કેટેગરીનું લિસ્ટ બનાવી જાહેર કરાશે.

09. ગામતળમાં વસવાટ કરતાં ભૂમિહીન પરિવારોને વસવાટના હક્ક આપી ગ્રામ્ય વિસ્તારમાં ખરાબાની જમીન અપાશે.

10. સરકારી અર્ધ સરકારી અને યુએલસીની જમીન ઉપર વસવાટ કરતાં ઝૂંપડાવાસીઓને શક્ય હોય ત્યાં સુધી તે જ સ્થળે પુનઃવસવાટ કરવામા આવશે. અન્યથા વૈકલ્પિક જગ્યા ફાળવાશે.

11. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ઘર વિહોણાંઓનું સરવે કરી રાહતદરે વ્યાજ અને હપ્તાની વ્યવસ્થા.

12. જનભાગીદારી યોજનાઓની સમીક્ષા અને બિલ્ડરો-ડેવલોપર્સને જમીન આપી દેવાને બદલે તમામ જમીનનો આવાસ નિર્માણ માટે ઉપયોગ કરાશે.

13. સરકારી અર્ધ સરકારી માલિકીની જમીનમાં રી-ડેવલોપમેન્ટની હાલની યોજનામાં ફાજલ થતી જમીનનો ઉપયોગ પણ ગરીબ-નબળા વર્ગના આવાસો માટે જ કરાશે.

14. બીજી કોઇ શરતો સાથે જોડ્યા વગર 25 ચોરસ મીટર સુધીના રહેણાંકો માટે વીજળીનું કનેક્શન ઓન ડિમાન્ડ આપવામાં આવશે.

15. શહેરી - ગ્રામીણ વિસ્તારોમાં વધુમાં વધુ ઇડબલ્યુએસ અને એલઆઇજી આવાસોનું નિર્માણ કરાશે.

16. 50 વર્ષ સુધી ટકી રહે તેવા આવાસોની ડિઝાઇન બનાવવામાં આવશે.

17. હિતધારકોની ભાગીદારી સાથેનું સુપરવિઝન દાખલ કરાશે.

### ઇડબલ્યુએસ - સ્લમ ક્વાટર્સ – એલઆઇજી – સીએમએવાય - પીએમએવાય જેએનયુઆરએમ આવાસોની જાળવણી – સમારકામ – સુવિધા

01. આ આવાસોના મેઇન્ટેન્સની સંપૂર્ણ જવાબદારી કોર્પોરેશન-મ્યુનિસિપાલિટી સંભાળશે અને ખર્ચ માટે પ્રોપર્ટી ટેક્સમાં અથવા માસિક રીતે રકમ લાઇટબિલમાં ઉઘરાવવાની વ્યવસ્થા કરાશે.

02. શહેરી અને ગ્રામિણ વિસ્તારોમાં વધુને વધુ ઇડબલ્યુએસ અને એલઆઇજી આવાસોનું નિર્માણ.

03. જનભાગીદારી યોજનાનું રિવ્યૂ કરી બિલ્ડરો-ડેવલોપર્સને જમીન આપવાને બદલે તમામ જમીનનો આવાસ નિર્માણ માટે ઉપયોગમાં લેવાશે.

04. શહેરી અને ગ્રામ્ય વિસ્તારના ઘરવિહોણાનો સરવે, યાદીની ચકાસણી અને સરળ પરવડે તેવા ડાઉન પેમેન્ટ, સબસિડી, રાહત દરે વ્યાજ અને હપ્તા આપવામાં આવશે.

05. ઇ.ડબ્લ્યુ.એસ-એલઆઇજી આવાસમાં સમાજના તમામ નાગરિકોને સબસિડીની ચુકવણી કરાશે.

06. ગ્રામિણ-શહેરી વિસ્તારમાં સરકારી/ અર્ધ સરકારી જમીનો પર વસવાટ કરતાં નાગરિકો અને નાના ધંધાર્થીઓને સ્થળ ઉપર-વૈકલ્પિક વ્યવસ્થા/ જગ્યા – આપવામાં આવશે.

10. રિડેવલપમેન્ટ માટે 75 ટકા રહીશોની નોટરાઇઝ્ડ સંમતિ ફરજિયાત કરાશે તેમ જ રિડેવલપમેન્ટની જરૂરિયાત માટે નામાંકિત સ્ટ્રકચર ઇજનેર-સંસ્થાના પ્રમાણપત્ર રજૂ કરવાના રહેશે.

11. દરેક શહેરમાં ઘરવિહોણા, ચાલી, ઝુંપડાવાસીઓનો મતદાર યાદી સરવે પેટર્ન પર સરવેની ચોકસાઇ કરાશે.

12. હાલની ફાળવણી માટે 2010ના પુરાવાની કટ ઓફ તારીખને બદલીને 31-12-2020 કરાશે. તેમજ જે તે સ્થળને બદલે તેઓની જૂની જગ્યાના ઝૂંપડાના પુરાવાને પણ ધ્યાનમાં લેવાશે.

13. બીજી કોઇ શરતો સાથે જોડ્યા વગર 25 ચો.મી. સુધીના રહેણાંક માટેના ઝૂંપડાઓને વીજળીનું જોડાણ 'ઓન ડિમાન્ડ' અપાશે.

14. સરકારી જમીન પર વસવાટ કરતાં ઝૂંપડાવાસીઓને ઘર વિહોણાં કરવામાં નહીં આવે. તેઓ પાત્રતા ધરાવતા હોય તે વિકલ્પે જગ્યા આપાશે. અન્યથા તેઓને બીજી જગ્યાએ પ્રાથમિક સુવિધાઓ સાથે સ્થળાંતરિત કરાશે.




## 10 પંચાયતી રાજ - ગ્રામ વિકાસ – મહેસૂલ – સહકાર

### પંચાયતી રાજ

01. પંચાયતી રાજને સુદ્રઢ કરવા 'રાજીવ ગાંધી પંચાયતી રાજ સુધારણા અને સુદ્રઢીકરણ સમિતિ'ની રચના કરાશે.

02. ભાજપ દ્વારા પંચાયતો પાસેથી છીનવી લેવાયેલ સત્તા અને કાર્યો તેમને પાછા સુપરત કરાશે.

03. બિનવપરાશી ગ્રાન્ટને પરત લઇ લેવાની સત્તા જે છીનવી લેવામાં આવી છે તે પરત કરાશે.

04. તાલુકા અને જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યોને માનદ વેતન અપાશે.

05. ગૌચરની લ્હાણી કરવા પર તાત્કાલિક પ્રતિબંધ મૂકાશે.

06. મનરેગામાં ભ્રષ્ટાચાર અટકાવી સમયસર ચૂકવણું થાય તે માટે અગ્રીમતા અપાશે.

07. ભૂમિહીન ગ્રામીણ મજૂરોને ઘરથાળના પ્લોટ અપાશે.

08. પંચાયત – નગરપાલિકાના તમામ વર્ગના કર્મચારીઓની કોન્ટ્રાક્ટ પ્રથા બંધ કરી કાયમી ભરતી કરાશે.

09. ગ્રામ સેવકો ગામમાં જ રહે તે માટેના અસરકારક નિયમો બનાવી તેમને માટે રહેણાંકની સુવિધા પૂરી પડાશે.

10. જમીનની સેટેલાઇટ માપણી રદ કરી ચોક્સાઇ સાથે પુન: માપણી કરાશે.

11. વીસીઓ ની કામની જવાબદારી નિશ્ચિત કરી તેઓને સન્માનજનક મહેનતાણું અપાશે.

12. ગ્રામ સેવક અને તલાટી કમ મંત્રીની જવાબદારી અને સ્કેલ નિશ્ચિત કરાશે.

## ગ્રામ વિકાસ

01. દરેક ગામમાં નીચેની પ્રાથમિક નાગરિક સુવિધાઓ આપવામાં આવશે.

02. વોટર વર્કસ- નળથી ઘર ઘર પાણી , પાકા રસ્તા અને સ્ટ્રીટ લાઇટ, ઓપન પ્લે ગ્રાઉન્ડ.

03. પાકી નાળી/ બંધ/ ભૂગર્ભ ગટર, રસ્તાની સાફસફાઇ અને કચરાના નિકાલ માટે કમ્પોસ્ટ પ્લાન્ટ.

04. બાલભવન, બાલ ક્રિડાગણ, જિમ/ વ્યયામશાળા, કોમ્યુનીટી હૉલ તથા લાયબ્રેરી બનાવાશે.

05. ગંદા પાણીના શુધ્ધિકરણ માટે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા લેન્ડ ફીલ સાઇટ બનાવાશે.

06. ઉપરોક્ત તમામ સુવિધાઓ માટે રાજ્ય સરકાર દ્વારા 100 ટકા ગ્રાન્ટ ઉપલબ્ધ કરાવાશે.

07. ગામડાઓમાં પોલીસ પટેલોની ફરીથી નિમણુંક કરાશે.

08. પાણીના સોર્સ વગરના ખારવાળા વિસ્તારમાં પાણીના ફિલ્ટર માટે આર.ઓ. વોટર કિયોસ્ક મૂકાશે.

09. ગામના હયાત તળાવોનો કાપ દૂર કરી નવીનીકરણ માટે કામને નરેગામાં સમાવશે.

10. ગામની અંદર આર.સી.સી. રોડ બનાવાશે.

11. ગ્રામ પંચાયત બિલ્ડીંગમાં સુવિધા સાથે wi-fi ઈન્ટરનેટ સેવા અપાશે.

12. દરેક ગામને ભૂગર્ભ ગટર યોજનાથી સાંકળી લેવાશે.

13. 'મહાત્મા ગાંધી ગ્રામીણ ઉધોગ યોજના' હેઠળ ગ્રામ્ય રોજગારીનું સર્જન કરાશે.

14. બંધારણના 73 માં સુધારણા અનુસાર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને સાચા અર્થમાં 'ત્રીજી સરકાર' બનાવાશે.

## સહકાર

01. રાજ્યની સહકારી પ્રવૃત્તિને પક્ષીય રાજકારણ અને રાજકીય દખલથી મુક્ત કરવામાં આવશે.

02. સહકારી મંડળીઓની ચુંટણી નિષ્પક્ષ અને સમયસર થાય તે સુનિશ્ચિત કરવા કાયદામાં સુધારો કરાશે.

03. સહકારી મંડળ / ફેડરેશનની સભ્ય સંખ્યા / ચોક્કસ ટર્નઓવર ધરાવતી મોટી ઉત્પાદક મંડળીઓની ચૂંટણીઓ 'રાજ્ય ચૂંટણી પંચ' ને સોંપવા માટે સ્ટેક હોલ્ડર્સ સાથે વિચારના કરવામાં આવશે.

04. ચોક્કસ સભ્ય સંખ્યા / ટર્નઓવર ધરાવતી સંસ્થાઓના કર્મચારીઓની ભરતી માટે સ્વાયત્ત રાજ્ય સહકારી કર્મચારી ભરતી બોર્ડ બનાવવામાં આવશે.

05. દક્ષિણ ગુજરાતની માંદી પડેલ કો. ઓપરેટીવ ક્ષેત્રની સુગર મિલ્સનું પુનઃવસન પુનઃજીવિત કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

06. સહકારી પ્રવૃત્તિને મજબૂત બનાવવા અને પારદર્શક વહીવટ માટે કો. ઓપરેટીવ એક્ટની જોગવાઈઓનો અસરકારક અમલ કરવામાં આવશે / પગલાં લેવામાં આવશે.

## મહેસૂલ

01. રાજયમાં બાંધકામ ઉધોગને પ્રોત્સાહન આપવા જમીનના કાયદાઓને સરળ બનાવવામાં આવશે.

02. રહેણાક, ઉધોગ, વાણિજય તેમજ અન્ય હેતુ જમીનની સરળ ઉપલબ્ધિ થાય, ખેડૂતો સીધા બિન ખેડૂતોને વેચાણ કરી શકે તે માટે N.A.ના નિયમો સરળ બનાવવામાં આવશે.

03. કુટુંબના વિભાજન સાથે માલિકી હક્કની એન્ટ્રીની પ્રક્રિયા સરળ બનાવવામાં આવશે.

04. વારસાઇ અને જમીનના ટુકડાઓની તેમજ મિલકત ટ્રાન્સફરની રેવન્યુ રેકોર્ડ એન્ટ્રીના નિયમોને સરળ બનાવવામાં આવશે.

05. મહેસૂલ ખાતામાં થતાં વિલંબ અને કનડગતને નિવારવા જિલ્લા કલકટરશ્રી દ્વારા પ્રતિ માસ "લોક દરબાર" આયોજિત કરવામાં આવશે.

06 નાગરિક અધિકાર કાયદાનો અસરકારક અમલ કરવામાં આવશે. 'નાગરિક અધિકાર'ના નિયમો અને તે માટેની કાર્યવાહી એપેલેટ તેમજ વિલંબ માટેની જવાબદારી માટે શિક્ષાત્મક પગલાંઓની જોગવાઈ કરવામાં આવશે.

07 આ માટે રેવન્યુ વિભાગમાં દરેક સ્તરે આરટીઆઇની તર્જ પર નાગરિકોની ફરિયાદના ઉકેલ માટે 'નાગરિક અધિકાર કમિશનર' ની ન્યાયિક એપેલેટ વ્યવસ્થા ઊભી કરવામાં આવશે.

08. રાજ્યમાં બાંધકામ ઉધોગને પ્રોત્સાહન, 'ઘરનું ઘર' અને એફોર્ડેબલ હાઉસીંગ માટેની જમીનની જરૂરત, શહેરોના વિકાસમાં જાહેર હેતુ માટેની જમીનની જરૂરતો, ગૌચરની જમીનની સુરક્ષા, ખેડૂતોના હિતની સુરક્ષા, જૂની-નવી શરતોની આંટીઘૂંટી તેમજ મહેસુલ ખાતામાં વ્યાપેલા ભારે ભ્રષ્ટાચાર અને શિથિલતા ડામવા, જમીન અંગેના કાયદાઓમાં સંશોધન જરૂરી બન્યું છે.

09. આ સમગ્ર મહેસુલ અને જમીન કાયદાઓનો સર્વગ્રાહી રીવ્યુ જરૂરી બનેલ છે, ઉપરોક્ત ધ્યેયોને લક્ષ્યમાં રાખી 'રાજ્ય જમીન કાયદા સુધારણા કમીશનની રચના' કરવામાં આવશે.

10. મહેસુલના દરની સમીક્ષા કરવામાં આવશે. નાની રકમના મહેસુલની માફી માટે વિચારના કરવામાં આવશે.




## 11 સમાજ કલ્યાણ – સશક્તિકરણ - અન્ય પછાત જાતિ (ઓબીસી) - એનટી-ડીએનટી, અનુસુચિત જાતિ – અનુસુચિત જનજાતિ – ઇબીસી - લઘુમતી અને ભાષાકીય લઘુમતી – દિવ્યાંગ – સિનિયર સિટીઝન્સ

**** અન્ય પછાત જાતિ (OBC) ****

### બંધારણીય અધિકાર

01. ગુજરાતના વંચિત અને શોષિત સમાજના લોકોના કલ્યાણ માટે અને વિવાદોના કાયમી નિવારણ હેતુ કોંગ્રેસ સરકાર કાયમી 'અનામત આયોગ'ની રચના કરશે.

02. જાતિ આધારિત વસ્તી ગણતરી માટે કાર્યવાહી કરાશે.

03. આ સમાજની વસ્તી ગણતરીના આધારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ચૂંટણીમાં આ સમાજના લોકોને માટે ભાજપ દ્વારા રદ કરવામાં આવેલ અનામત પુનઃ લાગુ કરાશે.

06. આ સમાજના સર્વાંગી વિકાસ માટે વસ્તીના ધોરણે બજેટ ફાળવાશે અને તેને સબ પ્લાનની જોગવાઈ લાગુ કરાશે.

07. પછાતમાં અતિપછાત અને ગરીબમાં અતિગરીબ પરિવારોને સમાજ કલ્યાણ યોજનાઓ અને ભરતીમાં ચડતા ક્રમથી અગ્રીમતા આપી અંત્યોદયના સિદ્ધાંતનો અમલ કરાશે.

### સામાજિક સશક્તિકરણ

01. ઓબીસીના જુદા જુદા સમાજના કલ્યાણ અને ઉત્કર્ષ માટે પછાત વર્ગ વિકાસ નિગમને રૂ. 10,000 કરોડનું બજેટ ફાળવાશે તેમાંથી 20 ટકા રકમ એન. ટી. ડી. એન. ટી. સમાજ માટે અને અન્ય સમાજોના નિગમોને આપવામાં આવશે.

02. આ સમાજમાં અતિપછાત જાતિઓને અતિગરીબ પરિવાર યોજનાનો લાભ અપાશે.

03. અઢાર વર્ષ પૂર્ણ કરેલ દીકરીઓને લગ્નપ્રસંગે મંગળસૂત્ર માટે રૂ. 25,000 ની રકમ.

04. કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ રૂ. 51,000 ની સહાય અપાશે.

### નોકરી – રોજગાર

01. સરકારી / અર્ધ સરકારી કર્મચારીઓની ભરતીમાં કોન્ટ્રાક્ટ પ્રથા / આઉટ સોર્સિંગ નાબૂદ કરી કાયમી ભરતી કરાશે અને જ્યાં સુધી આ સુધારા સંપૂર્ણપણે અમલ ન થાય ત્યાં સુધી ભરતીમાં અનામતની જોગવાઇનો અમલ કરાશે.

02. પગારના ચેક સરકાર તરફથી સીધા બેન્ક ખાતામાં જમા થશે

03. સરકારી નોકરીઓમાં અનામત બેકલોગનો અમલ કરાશે

04. અર્ધ સરકારી સંસ્થા/જાહેર સાહસો /સરકારની માલિકીની / પેટા કંપનીઓ / સહકારી ક્ષેત્રમાં અનામતનો અમલ કરાશે.

05. વિશ્વકર્મા હુનર નિર્માણ યોજના વારસાગત હુનર ધરાવનાર સમાજોના યુવાનોને હુનર વિકાસ માટે પ્રોત્સાહનો અને આર્થિક સહાય.

06. દરેક શહેર, તાલુકા મથકે પરંપરાગત કારીગરોને સ્વરોજગારી માટે જીઆઇડીસી વસાહતોનું નિર્માણ.

07. આ સમુદાયના લોકોને શહેરમાં સ્વરોજગાર માટે વેન્ડર્સ એક્ટ હેઠળ આવરી લેવાશે.

08. આ સમાજની વ્યવસાયિક મહિલાઓને હળવી શરતો - રાહતના વ્યાજ દરે લોનની વ્યવસ્થા કરાશે.

### જમીન મકાન ફાળવણી

01. જમીન વિહોણા અને અતિ ગરીબ આ સમાજના નાગરિકોને ખેતીની જમીન અને રહેણાંક માટે ઘર થાળની જમીન આપાશે. જેમાં પછાતપણાના મૂલ્યાંકન આંક અને આર્થિક સ્થિતિ ધ્યાને લેવાશે.

02. પાકા મકાનો બાંધવા માટે રૂ. 3 લાખ સુધીની લોન / સહાય અપાશે.

03. તમામ જિલ્લા / તાલુકા મથકે પછાત જાતિના સમૂહો માટે સાર્વજનિક કોમ્યુનિટી હોલ બનાવવા રાહતદરે સરકારી જમીન, રાહત દરની લોન અને સહાય આપવામાં આવશે.

## શિક્ષણ – આરોગ્ય

01. આ સમાજના તમામ નાગરિકોને રાજીવ ગાંધી અકસ્માત વીમા યોજના હેઠળ રૂ. 5 લાખનો વીમો, પરિવારના દરેક સભ્યોને આરોગ્ય માટે રૂ. 10 લાખ સુધીની સરકારી હોસ્પિટલમાં ફ્રી સારવાર / તપાસ / દવા અને બાળકોના શિક્ષણ માટે કે.જી. થી પી. જી. સુધી કન્યા શિક્ષણ સંપૂર્ણ ફ્રી તેમજ દીકરાઓ માટે રાહતદારની / સંપૂર્ણ ફી માફી.

02. જરૂરતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ ખર્ચ માટે રૂ. 500/- થી 20,000/- ની સ્કોલરશીપ અપાશે.

03. પાઠ્યપુસ્તક મંડળ ફરી કાર્યાન્વિન્ત કરી જરૂરતમંદ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે / રાહતદરે પાઠ્યપુસ્તકો અપાશે.

04. આ સમાજના યુવક-યુવતીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષા માટે તૈયારી કરવા પેકેજ અપાશે.

05. દરેક તાલુકામાં છાત્રો માટે આંબેડકર હોલ, છાત્રાલય અને ગ્રંથાલય બનાવાશે.

06. આ જાતિના શિક્ષકો અને વાલીઓના પ્રશ્નોના ઉકેલ માટે નાગરિક અધિકાર કમિશન અન્વયે આવરી લેવામાં આવશે.

07. આ સમાજની સાર્વજનિક સ્કૂલ, કોલેજ, નિવાસી શાળા, છાત્રાલયના નિર્માણ માટે રાહત દરે જમીન, હળવા દરે લોન અને સહાય

## એન.ટી.ડી.એન.ટી.

01. વિચરતી- વિમુક્ત જાતિ માટે રાષ્ટ્રીય કમિશનના રિપોર્ટનો અભ્યાસ કરી તેની ભલામણોનો અમલ કરવામાં આવશે.

02. જાતિ પ્રમાણપત્રોના નિયમો સરળ બનાવાશે, પ્રમાણપત્ર વિહોણાને જાતિ પ્રમાણપત્ર અપાશે.

03. કેન્દ્રની જાતિની યાદીમાં 'દેવીપૂજક' શબ્દ ઉમેરાય એ માટે કાર્યવાહી.

04. આ જાતિના પરિવારોને પોલીસ હેરાન ન કરે એ માટે નક્કર પગલાં ભરાશે.

05. અગાઉની કોંગ્રેસ સરકાર દ્વારા દેવીપૂજક સમાજને જે લાભો અપાયા હતા તે હાલમાં પાછા લઈ લેવામાં આવ્યા છે તેને ફરી પ્રસ્થાપિત કરવાની કાર્યવાહી કરાશે.

06. પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. માં જાતિ નહી પણ અટક લખવા કાયદાકીય વ્યવસ્થા કરાશે.

07. નવી ભરતી થયેલા પોલીસ અધિકારીઓને આ સમાજની સ્થિતિ અંગે ખાસ તાલીમ અપાશે.

## રહેણાંક

01. વિચરતી-વિમુક્ત જાતિના ઘરવિહોણા પરિવારોને પ્લોટ અને આવાસની વ્યવસ્થા અપાશે.

02. ગ્રામ્ય વિસ્તારોમાં વર્ષોથી રહેતા આ સમાજના લોકો પાસે રહેણાંકના માલિકી દસ્તાવેજ ન હોય તો જે તે વ્યક્તિના નામે રેગ્યુલરાઇઝ કરાશે.

03. આ સમાજના ઝૂંપડામાં રહેતા લોકોને પાકા મકાનો બનાવી અપાશે.

04. શહેરી વિસ્તારમાં ઘરવિહોણા આ સમાજના નાગરિકોને ઘરનું ઘર યોજનામાં અગ્રીમતા અપાશે.



## રોજગાર – વ્યવસાય

01. ઝૂંપડા અને કાચા ઘરોમાં રહેતા પરિવારોને બીપીએલ અથવા અંત્યોદય રેશનકાર્ડ અપાશે.

02. કોંગ્રેસ સરકાર દ્વારા બનાવાયેલ સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટ લાગુ કરાશે.

03. આ સમાજની મહિલોઓને હળવી શરતોને આધિન વ્યાજ દરે લોનની વ્યવસ્થા કરાશે.

04. આ સમાજના લોકોને સહકારી મંડળી બનાવી સામુહિક હુનર માટે ખરાબાની કે પડતર જમીન અપાશે.

05. એમના રોજગાર માટે મંડળી બનાવી સામુહિક હુનર માટે જમીન અને હળવા દરની લોન તેમજ સહાય ફાળવાશે.

## શિક્ષણ – આરોગ્ય

01. આ સમાજના તમામ નાગરિકોને રાજીવ ગાંધી અકસ્માત વીમા યોજના હેઠળ રૂ. 5 લાખનો વીમો, પરિવારના દરેક સભ્યોને આરોગ્ય માટે રૂ. 10 લાખ સુધીની સરકારી હોસ્પિટલમાં ફ્રી સારવાર / તપાસ / દવા અને બાળકોના શિક્ષણ માટે કે.જી થી પી.જી. સુધી કન્યા શિક્ષણ સંપૂર્ણ ફ્રી તેમજ દીકરાઓ માટે રાહતદરની / સંપૂર્ણ ફી માફી.

02. જરૂરતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ ખર્ચ માટે રૂ. 500/- થી 20,000/- ની સ્કોલરશીપ અપાશે.

## ** અનુસુચિત જાતિ (SC) **

## બંધારણીય અધિકાર

01. રાજ્યમાં સામાજીક ન્યાય અને અધિકાર માટે એસ.સી કમિશનની રચના.

02. વિશેષ સમિતિની રચના કરી ગુજરાતને આભડછેટમુક્ત રાજ્ય બનાવાશે.

03. એટ્રોસિટી કાયદાના અમલ માટે પગલાં તથા દરેક જિલ્લામાં ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના.

04. ઊના (મોટા સમઢિયાળા) જેવા અત્યાચારના કેસમાં કેસોની તપાસ માટે સીટની રચના, દોષિતોને સજા અને અસરગ્રસ્તોને ન્યાય અપાશે.

05. ઊના આંદોલન અને અન્ય આંદોલનોમાં દલિતો પર થયેલા કેસોની સમિક્ષા કરી પરત ખેંચાશે.

06. હિજરતી જાહેર કરેલ પરિવારોને પુનઃવસનનું પેકેજ.

07. માથે મેલું ઉપાડવાની અમાનવીય પ્રથાને નાબૂદ કરાશે.

08. ગટર સફાઈ માટે આધુનિક સાધનો અને ટેકનોલોજીનો ઉપયોગ.

## સબસેમ પ્લાન બજેટ ફાળવણી - સામાજિક ન્યાય

01. રાજ્યના બજેટમાં અનુસુચિત જાતિના માટે કુલ બજેટમાં સાત ટકા રકમ અનામત રખાશે.

02. આ 7 ટકા રકમ ખાસ અંગભૂત યોજનામાં ફાળવી 100 ટકા ખર્ચ તેમન કલ્યાણ માટે કરાશે. આ અંગે વિધાનસભામાં કાયદો બનાવાશે.

03. નગરપાલિકા – કોર્પોરેશનમાં સામાજિક ન્યાય સમિતિઓની રચના કરાશે.

04. અનુસુચિત જાતિના તમામ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોના સ્ટાફને સન્માનજનક પગાર અને ભોજન ગ્રાન્ટની સમીક્ષા કરાશે.

05. તમામ ગ્રામ પંચાયતમાં અનુસુચિત જાતિના વિકાસ માટે અલગથી ગ્રાન્ટ ફાળવાશે.

## સામાજિક સશક્તિકરણ

01. પછાતમાં અતિપછાત અને ગરીબમાં અતિગરીબ પરિવારોને સમાજ કલ્યાણ યોજનાઓ અને ભરતીમાં ચડતા ક્રમથી અગ્રીમતા આપી અંત્યોદયના સિદ્ધાંતનો અમલ કરાશે.

02. આ સમાજમાં અતિપછાત જાતિઓને અતિગરીબ પરિવાર યોજનાનો લાભ અપાશે.

03. અઢાર વર્ષ પૂર્ણ કરેલ દીકરીઓને લગ્નપ્રસંગે મંગળસૂત્ર માટે રૂ. 25,000/- ની રકમ.

04. કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ રૂ. 51,000 ની સહાય અપાશે.

05. દલિત વિસ્તારોમાં સામાજીક પ્રસંગો માટે આંબેડકર હોલનું નિર્માણ.

06. દલિત સાહિત્યકારો તેમજ કલાકારોને અપાતી ગ્રાન્ટની સમીક્ષા કરી વધારો થશે.

07. ડો.બાબાસાહેબ આંબેડકરના વિચારો દલિત સાહિત્યના પ્રચાર માટે સહયોગ.

## સફાઈ કામદારો- વાલ્મિકી સમાજના હક્કોનું રક્ષણ

01. પાંચ વર્ષથી હંગામી ફરજ બજાવતા તમામ સફાઈ કામદારોને કાયમી કરાશે.

02. એક પણ સફાઈ કામદારને ગટરમાં ઉતરવું ન પડે તેવા આધુનિક સાધનો લવાશે.

03. ફરજ દરમિયાન મૃત્યુ પામેલ સફાઈ કામદારને તાકિદે યોગ્ય વળતર અને પરિવારને રહેમરાહે નોકરી અપાશે.

04. સમગ્ર રાજ્યમાં વસતીના ધોરણે સફાઈ કામદારોનું નવું મહેકમ ઊભું કરાશે.

05. ગ્રામ પંચાયત - નગરપાલિકાના સફાઈકર્મીઓનો સ્કેલ સરકાર નક્કી કરશે.

06. મૃત પશુઓના નિકાલ સહિત પરંપરાગત ચર્મ વ્યવસાય છોડવા માંગતા આ સમાજના લોકોને સ્વનિર્ભર બનાવવા ખાસ યોજના બનશે.

07. કચરો, કાગળ, પ્લાસ્ટિક વીણતી બહેનોના પુનઃ વસન માટે વિશેષ યોજના બનશે.

08. સફાઈકર્મીઓ ઘરવિહોણા ભાઈ-બહેનો માટે આવાસોનું નિર્માણ થશે.

09. તમામ સફાઈ કામદારોને સમયસર વેતન માટે ચોકસસ વ્યવસ્થા હાથ ધરાશે.

10. તમામ સફાઈકર્મીઓના ક્વાર્ટર્સને સમારકામ કરાશે, જરૂર હશે ત્યાં નવા બનશે.

## જમીન –મકાન ફાળવણી

01. જમીન વિહોણા દલિતોને ખેતીલાયક જમીન અને ઘર વિહોણા દલિતોને ઘરથાણની જમીન / પાકા આવાસોની વિના મૂલ્યે ફાળવણી.

02. આ સમાજના ભૂમિહીન ખેતમજૂરોને જમીન / મકાન ફાળવી બહેનોના નામે કરાશે.

03. ઘરથાળ માટે જમીન ન હોય તો નવું ગામતળ કરીને પ્લોટ ફાળવાશે.

04. ઇન્દિરા આવાસ અને આંબેડકર આવાસની રકમ વધારીને ત્રણ લાખ સુધી કરાશે.

05. આંબેડકર આવાસ અને ઇન્દિરા આવાસની પીડબલ્યુઆર-2019ની યોજના ફરી ચાલુ કરાશે.

## શિક્ષણ અને આરોગ્ય

01. દરેક તાલુકામાં આ સમાજના છાત્રો માટે આંબેડકર હોલ, છાત્રાલય અને ગ્રંથાલય બનાવાશે.

02. આ જાતિના યુવક-યુવતીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષા માટે તૈયારી કરવા પેકેજ અપાશે.

03. જરૂરતમંદ દરેક બાળકને પાઠ્યપુસ્તકો વિનામૂલ્યે-રાહતદરે અપાશે.

04. પાઠ્યપુસ્તક મંડળ ફરી કાર્યાન્વિત કરાશે.

05. આ જાતિના શિક્ષકો અને વાલીઓના પ્રશ્નોના ઉકેલ માટે નાગરિક અધિકાર કમિશન અન્વયે આવરી લેવામાં આવશે.

06. આ સમાજના તમામ નાગરિકોને રાજીવ ગાંધી અકસ્માત વીમા યોજના હેઠળ રૂ. 5 લાખનો અકસ્માત વીમો, પરિવારના દરેક સભ્યોને આરોગ્ય માટે રૂ. 10 લાખ સુધીની સરકારી હોસ્પિટલમાં ફ્રી સારવાર / તપાસ / દવા અને બાળકોના શિક્ષણ માટે કન્યા શિક્ષણ સંપૂર્ણ ફ્રી માફી અને દીકરાઓ માટે રાહતદારની ફ્રી / સંપૂર્ણ ફ્રી માફી.

07. જરૂરતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ ખર્ચ માટે રૂ. 500/- થી 20,000/- ની સ્કોલરશીપ અપાશે.

08. આ સમાજની સાર્વજનિક સ્કૂલ, કોલેજ, નિવાસી શાળા, છાત્રાલયના નિર્માણ માટે રાહત દરે જમીન, હળવા દરની લોન અને સહાય.

## નોકરી-વ્યવસાય

01. સરકારી નોકરીઓમાં અનામત બેકલોગનો ત્રણ માસમાં અમલ કરાશે.

02. અર્ધ સરકારી સંસ્થા/જાહેર સાહસો /સરકારની માલિકીની / પેટા કંપનીઓ /સહકારી ક્ષેત્રમાંમાં અનામતનો અમલ કરાશે.

03. સરકારી / અર્ધ સરકારી કર્મચારીઓની ભરતીમાં કોન્ટ્રાક્ટ પ્રથા / આઉટ સોર્સિંગ નાબૂદ કરી કાયમી ભરતી કરાશે.

04. છેલ્લાં પાંચ વર્ષથી હંગામી ધોરણે ફરજ બજાવતા સફાઇ કર્મીઓને કાયમી કરાશે.

05. જ્યાં સુધી આ સુધારા સંપૂર્ણપણે અમલ ન થાય ત્યાં સુધી ભરતીમાં અનામતની જોગવાઇનો અમલ, પગારના ચેક સરકાર તરફથી સીધા બેન્ક ખાતામાં જમાથશે.

06. ઉદ્યોગ સાહસિકો, વેપારીઓ, મહિલાઓને ધંધા માટે હળવા દરની લોન અને સહાય.

07. મૃતપાય થયેલ હેન્ડલૂમ કોર્પોરેશન તથા ચર્મ ઉદ્યોગ બોર્ડની પુનઃ કાર્યાન્વિન્ત કરાશે.

08. સહકારી મંડળીઓને પુનઃ જીવિત કરાશે અને સરકારી ટેન્ડરોમાં તેમને પ્રોત્સાહન અપાશે.

** અનુસૂચિત જનજાતિ (ST) **

## બંધારણીય અધિકાર

01. આદિવાસી જિલ્લાઓમાં શેડ્યુલ-5 ની જોગવાઈનો આદિવાસીઓના બંધારણીય અધિકારોના રક્ષણ માટે અમલ કરવામાં આવશે.

02. પેસા એક્ટ (Panchayat Extension to the Scheduled Areas Act) નો અમલ કરવામાં આવશે. જે અન્વયે ગ્રામ સભાને પ્રાકૃતિક સંશાધનોના વહીવટ માટેની સત્તા આપવામાં આવેલ છે.

03. ભૂરીયા સમિતિની ભલામણોનો અમલ કરી જંગલની જમીન અને પ્રાકૃતિક તમામ સંશાધનોના ઉપયોગ માટે ગ્રામ સભાને સત્તા સોંપવામાં આવશે..

04. ફોરેસ્ટ રાઇટ એક્ટનો અમલ કરવામાં આવશે. જે અન્વયે આદિવાસીઓને જંગલની જમીનનનો અધિકાર આપવામાં આવશે. એ માટેના પાત્રતા ધારવતા તમામ કેસોનો નિર્ણય કરવામાં આવશે.

05. રિજેક્ટ થયેલા કેસોને રિવ્યુ કરવામાં આવશે.

06. ભાજપ સરકાર દ્વારા આદિવાસી સમાજ માટે વપરાતા 'વનવાસી' અને 'વનબંધુ' શબ્દોને સરકારની તમામ યોજના અને રેકોર્ડમાંથી દૂર કરવામાં આવશે.

07. વેદાન્તા અને પાર-તાપી લીંક્જ પ્રોજેક્ટ્સને લગતી તમામ મંજૂરીઓ અને કાર્યવાહીને રદ/સમાપ્ત કરવામાં આવશે.

08. વિવિધ પ્રોજેક્ટ માટે વિસ્થાપિત થતાં નાગરિકોની સંપાદન કરાતી જમીનનું સમયબદ્ધ કાયદેસરનું વળતર અને પુનઃવસન માટે 'ગુજરાત રિહેબિલિટેશન એક્ટ' બનાવવામાં આવશે. એ કાયદા અન્વયે વહીવટી તંત્ર દ્વારા વિસ્થાપિત લાભાર્થીઓનું સમયમર્યાદામાં રિહેબિલિટેશન જરૂરી બનશે. કાયદામાં તંત્રની જવાબદારી/ વિલંબ માટે દંડનાત્મક કાર્યવાહીની જોગવાઈ રાખવામાં આવશે.

09. આદિવાસીઓના બંધારણીય અને કાયદાઓની જોગવાઇઓ પર તરાપ મારતા અન્ય કાયદાઓ અને ઠરાવોને રદ કરવામાં આવશે. આવા એક કાયદો "સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરિઝમ ગવર્નન્સ એક્ટ"ને રદ કરવામાં આવશે. ખેડૂતોની જબરજસ્તીથી સંપાદિત કરવામાં આવેલ જમીન પરત કરવામાં આવશે.

10. આદિવાસી કાઉન્સિલને બંધારણની કલમ 244 હેઠળ કાર્યાન્વિત કરાશે.

11. ટ્રાઇબલ કાઉન્સિલના ચેરમેન તરીકે ટ્રાઇબલ ધારાસભ્યની નિમણૂંક કરવામાં આવશે.

12. આદિવાસીઓને લગતી કોઇ પણ મહત્વની કાયદાકીય બાબત / નીતિને ટ્રાઇબલ કાઉન્સિલની વિચારણા માટે લઇ જવાશે અને અંતિમ નિર્ણયમાં કાઉન્સીલના અભિપ્રાયને લક્ષમાં લેવાશે.

## સબસેમ પ્લાન બજેટ ફાળવણી - સામાજિક ન્યાય

01. સબ પ્લાનના નાણાં આદિવાસી સમાજના લાભાર્થીઓ માટે જ વપરાય તે માટે ખાસ કાયદો બનાવાશે.

02. નગરપાલિકા – કોર્પોરેશનમાં સામાજિક ન્યાય સમિતિઓની રચના કરાશે.

03. આદિવાસી વસતીના પ્રમાણમાં કુલ બજેટમાં 14 ટકા રકમ અનામત રખાશે અને સબ પ્લાનમાં પૂરતા પ્રમાણમાં રકમ ફાળવવામાં આવશે.

04. બજેટમાં વધેલા નાણાં આવતા વર્ષે એ જ યોજના માટે કેરી ફોરવર્ડ કરાશે.

## સામાજિક સશક્તિકરણ

01. આદિવાસી વિકાસ કોર્પોરેશનને ફરી કાર્યરત કરાશે, આદિવાસી સમાજના આર્થિક અને સામાજિક ઉત્થાન માટે આ નિગમને રૂ. 2500 કરોડની ફાળવાળી કરવામાં આવશે.

02. પછાતમાં અતિપછાત અને ગરીબમાં અતિગરીબ પરિવારોને સમાજ કલ્યાણ યોજનાઓ અને ભરતીમાં ચડતાક્રમથી અગ્રીમતા આપી અંત્યોદયના સિદ્ધાંતનો અમલ કરાશે.

03. શૈક્ષણિક અને અન્ય સરકારી યોજનામાં આવક મર્યાદા પાંચ લાખ સુધી કરાશે.

04. આ સમાજના જુદા-જુદા વિસ્તારોમાં બિરસા મુંડા કોમ્યુનિટી હોલ બનાવાશે.

05. આ સમાજના વિસ્તારોમાં સહકારી મંડળીઓના સેવાકેન્દ્રો ફરી શરૂ કરાશે.

06. આ સમાજના વિસ્તારમાં પૂર્વ પટ્ટીમાં તમામ ગામને સિંચાઈની વ્યવસ્થા, જરૂર પડે તો લિફ્ટ ઇરિગેશનથી પાણી અપાશે.

07. આ સમાજના દુબળા, કોલગા, પઠાર પરિવારોને વિવિધ યોજનાઓમાં અગ્રતા અપાશે.

## નોકરી-વ્યવસાય

01. સરકારી નોકરીઓમાં નોકરીના રોસ્ટર ક્રમ અને ભરતીની સમીક્ષા દ્વારા પૂર્વવત સ્થિતિ બનાવાશે.

02. અર્ધ સરકારી સંસ્થા/જાહેર સાહસો /સરકારની માલિકીની / પેટા કંપનીઓ / સહકારી ક્ષેત્રમાં અનામતનો અમલ કરાશે.

03. સરકારી / અર્ધ સરકારી કર્મચારીઓની ભરતીમાં કોન્ટ્રાક્ટ પ્રથા / આઉટ સોર્સિંગ નાબૂદ કરી કાયમી ભરતી કરાશે.

04. જ્યાં સુધી આ સુધારાનો સંપૂર્ણપણે અમલ ન થાય ત્યાં સુધી ભરતીમાં અનામતની જોગવાઈનો અમલ, પગારના ચેક સરકાર તરફથી સીધા બેન્ક ખાતામાં જમા થશે.

05. છેલ્લાં પાંચ વર્ષથી હંગામી ધોરણે ફરજ બજાવતા જંગલ / અન્ય ખાતાના કર્મચારીઓ.

06. દસ વર્ષથી રોજમદાર તરીકે કામ કરતાં મજૂરોને કાયમી કરાશે.

07. આ સમાજના યુવક-યુવતીઓ માટે રોજગારી હેતુ કૌશલ્યવર્ધન કેન્દ્રોની સ્થાપના થશે.

08. આદિવાસી જિલ્લાઓમાં પછાત તાલુકાઓને અલગ તારવી ઉદ્યોગોની સ્થાપના માટે પ્રોત્સાહન અપાશે.

09. વનઉપજના પ્રચાર અને વેચાણ માટે 'ગુજરાત વન ઉપજ' નામનું ઈ-પ્લેટફોર્મ બનાવાશે.

10. આ સમાજના યુવક યુવતીઓને સ્વરોજગાર માટે રાહતદરે ધિરાણ સાથે સબસિડીની યોજનાનો લાભ મળશે.

11. રોજી-રોટી માટે સ્થળાંતર કરતા આ સમાજના લોકોને ગામમાં જ રોજગારી આપવા મનરેગા યોજના ફરી શરૂ કરાશે અને સમયસર પેમેન્ટ મળશે.

12. જંગલ વિસ્તારમાં વસવાટ કરતા આ સમાજને વૃક્ષ ઉછેર માટે પ્રોત્સાહન અપાશે.

13. અમુલની તર્જ પર બામ્બુ અને પેપર મિલના માધ્યમથી મોટી સંખ્યામાં રોજગારી સર્જનના પ્રયાસ કરવામાં આવશે.

## જમીન – મકાન ફાળવણી / વારસાઇ / આવાસ / પુન:સ્થાપન

01. ગામતળ / ખરાબાની / જંગલની જમીન પર વર્ષોથી રહેતા આદિવાસીઓને રહેણાકનો / માલિકીનો હક નિયમિત કરાશે, આદિવાસી ઘરવિહોણા પરિવારોને 2027 સુધીમાં પાકું મકાન.

02. શહેરોમાં ઘરવિહોણા આદિવાસીઓને પાકા આવાસોની ફાળવણી, ગ્રામીણ વિસ્તારમાં ઘરથાણની જમીન, વૈકલ્પિક વ્યવસ્થા સિવાય કોઇને પણ બેઘર કરાશે નહીં.

03. આદિવાસી પરિવારની વારસાગત જમીનોના નાના ટુકડાને પણ સર્વે નંબર આપવામાં આવશે.

04. સંયુક્ત માલિકીના પ્લોટમાં સરકારી યોજનાના લાભ માટે વીજ જોડાણ કે કેનાલનું પાણી મેળવવા વહીવટકર્તાની નિમણૂંક માન્ય રહેશે.

05. આવાસ નિર્માણ સહાયની રકમ વધારીને રૂપિયા ત્રણ લાખ સુધી કરાશે.

## હળપતિ આવાસ

01. હળપતિ વિકાસ બોર્ડને ફરી શરૂ કરાશે અને તેને બજેટથી રૂ. 1000 કરોડની ફાળવાળી કરાશે. જેનો ઉપયોગ મુખ્યત્વે હળપતિ આવાસના નિર્માણ માટે કરવામાં આવશે.

02. શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં રહેતા હળપતિઓની કૉલોનીને ટીપીમાં પાછલી અસરથી કાયમ કરાશે અને રહેણાક/માલિકીના હક અપાશે.

03. હળપતિના આવાસો ટીપી સ્કિમમાં સમાવાઇ ગયા હોય તો પણ તેઓને માલિકીના ધોરણે પ્લોટ ફાળવણી /તે જ જગ્યાએ પુન:વસવાટના અધિકારી બનશે.

04. સરકારી /જંગલની જમીન પર વસતા હળપતિ આવાસોને નિયમિત કરાશે.

## શિક્ષણ અને આરોગ્ય

01. આદિવાસી વિદ્યાર્થીઓના શિક્ષણ માટે શાળા, કૉલેજ, આશ્રમશાળા અને છાત્રાલયોનું નિર્માણ.

02. સાર્વજનિક સ્કૂલ, કૉલેજ, આશ્રમ શાળા, છાત્રાલયના નિર્માણ માટે જમીન અને નાણાકીય સહાય.

03. આ સમાજના તમામ નાગરિકોને રાજીવ ગાંધી અકસ્માત વીમા યોજના હેઠળ રૂ. 5 લાખનો અકસ્માત વીમો, પરિવારના દરેક સભ્યોને આરોગ્ય માટે રૂ. 10 લાખ સુધીની સરકારી હોસ્પિટલમાં ફ્રી સારવાર / તપાસ / દવાઓ.

04. બાળકોના શિક્ષણ માટે કે.જી. થી પી.જી. સુધી કન્યા શિક્ષણમાં સંપૂર્ણ ફ્રી માફી અને દીકરાઓ માટે રાહતદારની ફ્રી / સંપૂર્ણ ફ્રી માફી.

05. જરૂરતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ ખર્ચ માટે રૂ. 500/- થી રૂ. 20,000/- ની સ્કોલરશીપ અપાશે.

06. આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ અને આરોગ્ય સેવાના ખાનગીકરણ પર નિયંત્રણ.

07. આદિવાસી સમાજના યુવક-યુવતીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષા માટે તૈયારી કરવા પેકેજ.

08. પાઠ્યપુસ્તક મંડળ ફરી કાર્યાન્વિન્ત કરી જરૂરતમંદ દરેક છાત્રોને વિનામૂલ્યે-રાહતદરે પાઠ્યપુસ્તકો.

09. આ સમાજના વિસ્તારોમાં છાત્રો માટે સ્કૂલ, કૉલેજો અને આશ્રમશાળા બનાવાશે.

10. આ સ્કૂલ, કૉલેજ, છાત્રાલય માટે સ્ટાફ અને શિક્ષકોની ભરતી કરાશે.

11. આ સમાજના છાત્રોને વિદેશ અભ્યાસ માટે સ્કોલરશીપ લોન અપાશે.

12. આ સમાજના તેજસ્વી તારલાઓ માટે 'જ્યોતિબા ફૂલે' શિષ્યવૃત્તિની જોગવાઇ કરાશે.

13. આ સમાજ માટે રોજગારલક્ષી શિક્ષણની અલગ વ્યવસ્થા ઊભી કરાશે.

14. આદિવાસી વિસ્તારમાં શિક્ષણનું સ્તર સુધારી શિક્ષકોની ખાલી જગ્યા ભરાશે.

15. આ સમાજના વિસ્તારોમાં નવી હાઇસ્કૂલો, કૉલેજો, સરકારી ગ્રાન્ડ ઇન એઇડ સાથે શરૂ કરાશે.

16. નવા વર્ગખંડોની મંજૂરી અપાશે.

17. આ સમાજ માટે RTI કાયદાનો કડક અમલ કરાશે.

18. આ જાતિના તમામ ગ્રાન્ટેડ છાત્રાલયો/ આશ્રમ શાળાના સ્ટાફને સન્માનજનક પગાર અપાશે અને ભોજન ગ્રાન્ટની સમીક્ષા થશે.

## અન્ય

01. વિશ્વ આદિવાસી દિવસ નવમી ઓગસ્ટની જાહેર રજા નિશ્ચિત કરવા માટે કાર્યવાહી કરવામાં આવશે.

02. આદિવાસી વિસ્તારોમાં પ્રોજેક્ટ્સમાં કામ કરતાં શ્રમજીવીઓને અકસ્માત નિધન પામે ત્યારે સરકાર તરફથી આપવામાં આવતી સહાય તેના પરિવાર સુધી પહોંચતી નથી. જે માટે કોંગ્રેસ સરકાર આ સહાય પહોંચે તે માટેની ચોક્કસ વ્યવસ્થા ગોઠવાશે.

03. ભાજપ શાસન દરમ્યાન રાજકીય આંદોલનો અને રાજકીય વેરભાવથી કરવામાં આવેલા ખોટા કેસોને ન્યાયિક રિવ્યુ કરી પાછા ખેંચી લેવામાં આવશે.

04. જંગલ વિસ્તારોમાં થતાં ગેરકાયદેસર માઇનિંગ અને લાકડાની ચોરી રોકવા /બંધ કરી કડક પગલાં ભરાશે અને જન ભાગીદારી. ખાણ માફિયાઓ / તસ્કરો સામે કડક પગલાં લેવાશે.

05. આ સમાજના નાગરિકો પર થયેલા અત્યાચારોના કેસોની તપાસ માટે સીટની રચના કરાશે.

06. આ સમાજના જે લોકો કોરોનામાં નિધન પામ્યા છે તેમને ચાર લાખની સહાય અપાશે.

07. આદિવાસી વિસ્તારોમાં પરિવારદીઠ દર મહિને પાંચ લીટર કેરોસીનની ફાળવણી માટે કાર્યવાહી કરાશે.

## ** લઘુમતિ સમાજ **

## બંધારણીય અધિકારો- કાયદાઓ

01. રાજ્યમાં વસતા તમામ લઘુમતિ અને ભાષાકીય લઘુમતીઓ માટે સલામતી અને સુરક્ષાની ગેરન્ટી.

02. લઘુમતી સમાજને નિશાન બનાવતા ગેરબંધારણીય કાયદાઓ /નિયમોનીની સમીક્ષા.

03. ટોળાંશાહી દ્વારા આચરવામાં આવતી હિંસાને અટકાવવા કાયદાકીય જોગવાઇ.

04. વૉર્ડોનું રાજકીય સીમાંકન- ડિલિમિટેશન તટસ્થ / નિયમ અનુસાર કરવામાં આવશે.

05. બંધારણીય અધિકારોના રક્ષણ માટે કામ કરનાર કર્મશીલો સામેની બનાવટી પોલીસ ફરિયાદો માટે તપાસ સમિતિ રચાશે.

## ગવર્નન્સ

01. સરકારમાં અલગ લઘુમતી મંત્રાલય રચાશે.

02. રાજ્ય માનવ અધિકાર પંચમાં તથા અન્ય આયોગમાં લઘુમતી સમાજને પુરતું સ્થાન આપવામાં આવશે.

03. મૌલાના અબુલ કલામ આઝાદ લઘુમતી આયોગની રચના.

04. રાજ્યના અલ્પસંખ્યક નાણા આયોગને સુદૃઢ અને આર્થિક સક્ષમ બનવામાં આવશે.

## શિક્ષણ

01. બંધારણની જોગવાઈઓ મુજબ લઘુમતિ શૈક્ષણિક સંસ્થાઓને અપાયેલ સ્વાયત્તાનું રક્ષણ કરાશે.

02. લઘુમતી શિક્ષણ ક્ષેત્રે ઉર્દૂ માધ્યમની નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરાશે.

03. ઉર્દૂ માધ્યમિક- ઉચ્ચ, માધ્યમિક શાળાઓમાં બોર્ડના પ્રશ્નો ફરીથી ઉર્દૂમાં અપાશે.

04. લઘુમતી વિસ્તારોમાં ગ્રાન્ટ ઇન એઇડ શાળા કોલેજ સ્થપાશે.

05. રાજ્યની પ્રાથમિક / માધ્યમિક ઉર્દુ શાળાઓમાં ક્વોલીફાઈડ શિક્ષકોની ઘટ પૂર્ણ કરાશે.

06. મદરેસાઓમાં બાળકોને ધાર્મિક શિક્ષણ સાથે પ્રાથમિક શિક્ષણ મળે તે હેતુથી સંબંધિત હિત ધારકો સાથે સંવાદ કરી નીતિ ઘડવામાં આવશે.

## પ્રાથમિક સુવિધાઓ – સશક્તિકરણ

01. લઘુમતિ સમાજને ધંધા રોજગાર માટે ભેદભાવ વગર માફક લોન / પ્રોત્સાહનો / સહાય.

02. વડાપ્રધાનના લઘુમતીઓ માટેના 15 સૂત્રીય કાર્યક્રમોના અમલ માટે મોનીટરીંગ સમિતિ.

03. લઘુમતી સમાજની મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે "મહિલા બેન્ક"ની રચના.

04. લઘુમતિ સમાજની ત્યકતા / તલાકશુદા બેહનોને આવાસ યોજનાઓમાં અગ્રીમતા.

05. લઘુમતી સમાજના વિસ્તારોમાં પાણ ઘરનું ઘર યોજના અન્વયે આવાસોનું નિર્માણ.

## વકફ

01. વક્ફ સંબંધિત વિવાદોના નિરાકરણ માટે રાજ્યમાં ઝોન મુજબ 'વક્ફ ટ્રિબ્યુનલ' રચાશે.

02. વક્ફ મિલકતો ઉપરના ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવશે.

04. વક્ફ બોર્ડના સરળ વહીવટ માટે જીલ્લા કક્ષાએ અલગ ઓફીસ બનાવવામાં આવશે.

05. મુસ્લિમ તથા ખ્રિસ્તી સમાજના કબ્રસ્તાન માટે જમીનની ફાળવણી કરવામાં આવશે.

## ભાષાકીય લઘુમતિ અને અન્ય ભાષા બોલનાર

01. ગુજરાતમાં વસતા દરેક પરપ્રાંતિયને સુરક્ષા અને સમાનતાની ગેરંટી.

02. પરપ્રાંતીય માટે રેલ્વેના પ્રશ્નોનું નિવારણ લાવવા જરૂરી પગલાં લેવાશે.

03. યુ.પી, બિહાર તથા અન્ય રાજ્યોમાંથી આવી વસતા લોકોને પડતી હાલાકી નિવારવા કેન્દ્રમાં યોગ્ય રજૂઆત કરવામાં આવશે.

04. કોન્ટ્રકટ વર્કર તરીકે ઉધોગોમાં કામ કરતાં પરપ્રાંતીય મજૂરો, ફેરિયાઓની નોધણી કરવામાં આવશે અને તેમને મજૂર કાયદાઓ અન્વયે મળવા પાત્ર લાભ મળે તે માટે અસરકારક પગલાં લેવાશે.

05. પરપ્રાંતીય સમાજ માટે સમાજ ભવન / કોમ્યુનીટી હોલ બનાવવા આર્થિક સહાય આપવામાં આવશે.

06. પરપ્રાંતીયોના ડોમીસાઈલ અને જાતી પ્રમાણપત્રના પ્રશ્નોના નિવારણ માટે નીતિ નિયમોની સમીક્ષા કરી સરળ બનાવવામાં આવશે.

07. ગુજરાતમાં વસેલા જુદા જુદા પ્રાંત અને ભાષા ધરાવતા નાગરિકોને તેમની સાંસ્કૃતિક અને ભાષાકીય પ્રવૃતિઓ માટે પ્રોત્સાહન અને સહાય આપવામાં આવશે.

## ઇબીસી સમૂહ

ગુજરાતમાં કોઇ પણ કુટુંબ આર્થિક પરિસ્થિતિના લીધે મુખ્ય ધારા અને સમાન તકથી વંચિત ન રહી જાય તે માટે રાજ્યમાં દરેક જાતિ / ધર્મના લોકોને તેમની આર્થિક સ્થિતિને આધારે તેમના સશક્તિકરણ માટે નીચેના પાગલાઓ :

01. આર્થિક રીતે નબળા વર્ગ માટે બનેલ આયોગને સુદૃઢ અને આર્થિક સક્ષમ બનાવવામાં આવશે.

02. તમામ નાગરિકોને રાજીવ ગાંધી અકસ્માત વીમા યોજના હેઠળ રૂ. 5 લાખનો વીમો, પરિવારના દરેક સભ્યોને આરોગ્ય માટે રૂ.10 લાખ સુધીની સરકારી હોસ્પિટલમાં ફ્રી સારવાર/ તપાસ/ દવા બાળકોના શિક્ષણ માટે કે.જી. થી પી. જી. સુધી કન્યાશિક્ષણ સંપૂર્ણ ફ્રી તેમજ દીકરાઓ માટે રાહતદારની / સંપૂર્ણ ફ્રી માફી.

03. જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને શિક્ષણ ખર્ચ માટે રૂ. 500/ થી 20,000/- ની સ્કોલરશીપ અપાશે.

04. EBCના યુવક-યુવતીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષા માટે તૈયારી કરવા પેકેજ અપાશે.

05. છાત્રોને વિદેશ અભ્યાસ માટે સ્કોલરશિપ લોન અપાશે.

06. આર્થિક નબળા વર્ગના કુટુંબોને 'ઘરનું ઘર' આવાસ યોજનાની ફાળવાળીમાં પ્રાથમિકતા અપાશે.

## દિવ્યાંગોનો ઉત્કર્ષ

01. દિવ્યાંગોને સરકારી- ખાનગી સંસ્થાઓમાં નોકરી માટે 4% અનામત.

02. 'અષ્ટાવક્ર દિવ્યાંગ યોજના' હેઠળ સ્વરોજગાર માટે 50 % સબસિડી લોન.

03. દિવ્યાંગો – નિરાધાર વૃદ્ધોને પેન્શનની રકમ વધારીને રૂ. 2000 કરાશે.

04. દિવ્યાંગો અને તેમના બાળકોના અભ્યાસ માટે ફી માફી.

05. દિવ્યાંગોને મકાનની ફાળવણીમાં અગ્રતા.

06. દરેક વિકલાંગને વિકલાંગતા આંકના અનુસાર બીપીએલ કાર્ડ.

## સિનીયર સિટીઝન્સ

01. સિનિયર સિટિઝન ને રૂ. 2,000નું માસિક પેન્શન.

02. તમામ સિનિયર સિટિઝનને રૂ.10 લાખની મર્યાદામાં મફત સારવાર, તપાસ અને દવા.

03. વૃદ્ધજનોની સુરક્ષા માટે સિનિયર સિટિઝન હેલ્પલાઇન.

04. વરિષ્ઠ નાગરિકોને ડાયાબિટીસ અને બ્લડપ્રેશરની દવા ફ્રી, મેડીકલ ચેકઅપ ફ્રી.

05. એકલા રહેતા જરૂરતમંદ વૃદ્ધોને અન્ન સુરક્ષા યોજના સાથે જોડાશે.

## સામાજિક સુરક્ષા

SC, ST, OBC, EBC નો લાભ મેળવતા લોકોનાં અધિકારોના સંરક્ષણ માટે તાલુકા સ્તરીય સમિતિઓની રચના કરવામાં આવશે.

## બીપીએલ કાર્ડ

01. બીપીએલ કાર્ડના અભાવે કોઈ પણ યોગ્યતા ધરાવતો પરિવાર સરકારી યોજનાઓના લાભથી વંચિત ના રહે તે માટે બીપીએલ કાર્ડ યાદીની ચૂંટણી કાર્ડની માફક સતત સુધારણા કરાશે.

02. બીપીએલ કાર્ડધારક યાદી સુધારણા કર્યાના ત્રણ માસની અંદર હાથ ધરાશે. બીપીએલના માપદંડોને વ્યવહારુ બનાવવામાં આવશે. સાથે સાથે દુરુપયોગ અટકાવવા ખોટી માહિતી આપનાર સામે ક્રિમિનલ કેસ કરવામાં આવશે.




# 12 મહિલા સુરક્ષા અને સશક્તિકરણ

## મહિલા શિક્ષણ

01. કે.જી થી પી.જી સુધી મફત શિક્ષણ.

02. મહર્ષિ દયાનંદ સરસ્વતી જ્ઞાનયોજના હેઠળ મેડિકલ, ઇજનેરી અને એમબીએમાં પ્રવેશ મેળવનાર છાત્રાઓને મફત લેપટોપ.

03. મહિલા સુરક્ષા માટે 100 ટકા નશાબંધી કાયદાનો અમલ કરાશે.

04. જરૂરતમંદ છાત્રાઓને રૂ. 500/- થી રૂ. 20,000/- સુધીની શિક્ષણ ખર્ચ સહાય.

05. ઇન્દિરા પ્રિયદર્શિની પાસ યોજના હેઠળ આઠ મહાનગરોમાં, મહિલાઓ માટે રાહતદરે મુસાફરી.

06. સ્કૂલ-કૉલેજ જતી છાત્રાઓને ફ્રી/ રાહત દરે બસ પાસ.

07. દરેક મહિલાને રાજીવ ગાંધી અકસ્માત વીમા યોજના હેઠળ રૂ. 5 લાખનો વીમો, પરિવારના દરેક સભ્યોને આરોગ્ય માટે રૂ. 10 લાખ સુધીની સરકારી હોસ્પિટલમાં ફ્રી સારવાર/ તપાસ/ દવા અને બાળકોના શિક્ષણ માટે ફ્રી કન્યા શિક્ષણ તેમજ દીકરાઓ માટે પરવડે તેવી ફ્રી માટે 'ફ્રી રાહત યોજના'નો લાભ મળશે.

## મહિલા રોજગાર

01. ખેડૂત મહિલા માટે 'ખેડૂત'ની વ્યાખ્યામાં સુધારો કરાશે.

02. વિધાનસભામાં મહિલાઓ માટે 33 ટકા અનામતના ખરડાને મંજૂરી.

03. આગામી પાંચ વર્ષમાં 5 લાખ મહિલાઓની સરકારી નોકરીમાં ભરતી.

04. પોલીસ અને સેનામાં જવા માંગતી દીકરીઓ માટે 'ઝાંસીની રાણી તાલીમ એકેડમી'ની રચના.

05. સમાન વેતન, સમાન કામનો અમલ કરાશે.

06. મહિલા ઉદ્યોગ સાહસિકો માટે એક કરોડ સુધીના ટર્નઓવર સુધી સ્ટેમ્પ ડ્યૂટી અને સ્ટેટ જીએસટીમાંથી મુક્તિ.

07. સ્વયં સહાયતા સમૂહ હેઠળ સ્વનિર્ભર બહેનોની રૂ. 10,000/- સુધીની સરકારી લોન માફ. સખી મંડળની બહેનોને રૂ. 2 લાખ સુધીની રાહતદરની લોન આ માટે રૂ. 5,000 કરોડની ફાળવળી.

08. આંગણવાડી-આશાવર્કર વગેરે બહેનો માટે મોંઘવારી આંક સાથે જોડેલ લઘુત્તમ વેતન.

09. મહિલા કલ્યાણ માટે 'રમાબાઇ આંબેડકર કુટુંબશ્રી' કાર્યક્રમ બનાવાશે, 1000 કરોડની ફાળવણી.

10. સ્વરોજગાર અને ઉદ્યોગ સાહસિકતા માટે માઇક્રો - ફાઇનાન્સ લોનની વ્યવસ્થા, આ માટે રૂ. 1,000/- કરોડની ફાળવણી.

11. મહિલાઓને ખેતી અને પશુપાલન માટે બે લાખ સુધીની લોન અને સબસિડી.

12. દરેક નગરપાલિકા અને તાલુકાસ્તરે 'ઇન્દિરા પ્રિયદર્શીની સ્વયં સહાયતા સંયોજક'ની નિમણુંક.

13. આંગણવાડી, આશાવર્કર અને મધ્યાહન ભોજનમાં કામ કરતી બહેનોને મોંઘવારી આંક સાથે જોડેલ લઘુત્તમ વેતન નક્કી કરી, કાયમી નોકરી અપાશે.

## મહિલા સુરક્ષા – સશક્તિકરણ

01. મહિલા સુરક્ષા માટે પીડિત મહિલાઓના ન્યાય માટે ફાસ્ટ ટ્રેક મહિલા કોર્ટની રચના.

02. મહિલાઓ સામે થતી હિંસાને રોકવા દરેક તાલુકા/ વોર્ડમાં સિંગલ વિન્ડો સિસ્ટમ અને હેલ્પલાઇનની વ્યવસ્થા.

03. જાતીય સતામણી અટકાવવા તથા મહિલા સુરક્ષા માટે 'દુર્ગાશક્તિ દળ'ની રચના.

04. મહિલાઓને સુરક્ષિત પરિવહન માટે મોટા શહેરોમાં સ્વતંત્રાસેનાની 'ઇન્દિરા ગાંધી' પિન્ક રિક્ષા અને પિંક કેબ સર્વિસ શરૂ થશે. આ માટે સોફ્ટ લોન અને સહાય.

05. સરકારમાં એકલ મહિલા વિભાગની રચના કરાશે.

06. વિધવા સહાય, વૃદ્ધાવસ્થા પેન્શનની દર ત્રણ વર્ષે સમીક્ષા, હાલના પેન્શનને રૂ. 2,000 કરાશે.

07. દીકરીઓને ગિફ્ટથી ટ્રાન્સફર થતી મિલકતો પર સ્ટેમ્પ ડયુટી સંપૂર્ણ માફ.

08. મહિલાના નામે 'ઘરનું ઘર' ખરીદાય તે માટે સ્ટેમ્પ ડયુટી સંપૂર્ણ માફ.

09. એકલ નારી માટે “મૃદુલા સારાભાઈ મહિલા સશક્તિકરણ કાર્ડ” જેમાં બીપીએલના તમામ લાભો.

10. ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એકલ જમીનવિહોણી મહિલાને પાંચ ગૂંઠા જમીન અપાશે.

11. વિધવા અને એકલ નારી બહેનોને પશુપાલન માટે 50 ટકા સબસિડી સાથે 50 હજારની લોન.

12. કિન્નર, ટ્રાન્સજેન્ડર્સ તથા L.G.B.T. કોમ્યુનિટીના અધિકારોના રક્ષણ માટે કમિશનની રચના.

13. દરેક મહિલા માટે સરકારી આરોગ્ય કેન્દ્ર પર થી ફ્રી સેનિટરી પેડનું વિતરણ.

14. વિધવા, વૃદ્ધ, એકલ નારી ઉપરાંત તમામ જરૂરતમંદ મહિલાને મહિને રૂ. 2,000/- નું મોંઘવારી એલાઉન્સ.

15. 'મધર ટેરેસા મહિલા સ્વસ્થ્ય યોજના' અન્વયે 45 વર્ષથી વધુ ઉંમરની દરેક બહેનોને સરકારી/ સરકાર માન્ય હોસ્પિટલમાં પ્રતિ વર્ષ ફ્રી મેડિકલ બોડી ચેક અપ.

16. દરેક મહિલાને રાજીવ ગાંધી અકસ્માત વીમા યોજના હેઠળ રૂ. 5 લાખનો વીમો,પરિવારના દરેક સભ્યોને આરોગ્ય માટે રૂ. 10 લાખ સુધીની સરકારી હૉસ્પિટલમાં ફ્રી સારવાર/ તપાસ/ દવા અને બાળકોના શિક્ષણ માટે ફ્રી કન્યા શિક્ષણ તેમજ દીકરાઓ માટે પરવડે તેવી ફી માટે ફ્રી રાહત યોજનાનો લાભ મળશે.




## 13 લોકશાહી - બંધારણીય અધિકાર - કાયદો અને વ્યવસ્થા - સંસદીય કાર્યવાહી

### પ્રશાસન-જનભાગીદારી – નાગરિક સંગઠનો

01. નાત, જાત, ધર્મ કે પક્ષીય ભેદભાવ વગર કાયદાનું શાસન.

02. રાજદ્રોહ અને પાસાના કાયદાના દૂરુપયોગ પર નિયંત્રણ.

03. રાજ્યમાં લોકશાહી અને બંધારણીય અધિકારોનું પુનઃ પાલન.

04. ભાજપ શાસનમાં પ્રજાના બંધારણીય અધિકાર અને ન્યાયિક સમાનતાના સિદ્ધાંતો પર આક્રમણ કરતા વિવિધ કાયદાઓની સમીક્ષા/ સુધારા/ રદ કરવાની કાર્યવાહી કરાશે.

05. મીડિયા - સોશિયલ મિડિયામાં મહાપુરુષોના ચારિત્ર્ય ખંડન, અફવા, નફરતની રાજનીતિ સામે કડક કાયદાકીય કાર્યવાહી.

06. નફરત અને આંતક પ્રચાર – પ્રસાર સામે કડક કાયદાકીય કાર્યવાહી.

07. વાણી અને અભિવ્યક્તિ સ્વતંત્રતાના અધિકારોની જાળવણી.

08. લોક આંદોલનોને ડામી દેવા 144 ની કલમનો દુરૂપયોગ રોકાશે.

09. બિલ્કીસ બાનોના કેસના આરોપીઓની સજા માફ કરવાના નિર્ણયને રદ કરવાની કાર્યવાહી કરાશે.

10. પોલીસ દ્વારા રાજકીય આગેવાનો / સામાજીક કાર્યકરોને નજરકેદ કે ડિટેઇન કરવાની બિનકાયદાકીય દબાણ બંધ કરાશે.

11. ભાજપ શાસનમાં થયેલા જન આંદોલનો, દેખાવો, ધારણાના કેસો, રાજકીય દ્વેષભાવ / વેરભાવથી કરવામાં આવેલા ખોટા કેસો, રિવ્યૂ કરી ન્યાયિક પ્રક્રિયાથી પરત ખેંચાશે.

12. નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા 50 દિવસ માટે વિધાનસભાની કાર્યવાહી.

13. ભાજપ શાસનમાં વ્યક્તિ કે સમૂહો સામે દ્વેષભાવ / વેરભાવથી કરવામાં આવેલા અત્યાચારો અને ખોટા કેસમાં સહયોગ કરનાર તંત્રની જવાબદાર વ્યક્તિઓ સામે કડક કાયદાકીય પગલાં / કડક સજાની કાર્યવાહી કરાશે.

14. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ચૂંટાયેલા સભ્યોની ખરીદફરોખ અને પક્ષપલટાના દૂષણને ડામવા માટે પક્ષાંતર ધારા વિરોધી કાયદાનો અસરકારક અમલ / કાયદામાં સુધારો કરાશે.

15. ઉના કાંડ, નલિયાકાંડ, થાનગઢ કાંડ, પેપરલીક કૌભાંડ, ધમણ વેન્ટિલેટર કાંડ, કોરોનાકાળમાં દવાઓ, ઓક્સિજનના કાળાબજાર, મોરબી પૂલ દુર્ઘટના તથા પાટીદાર આંદોલન વખતે અત્યાચારોના બનાવોની તપાસ/સમીક્ષા તથા ન્યાય.

16. ખરીદવામાં આવેલા પક્ષપલટુ ધારાસભ્યોની સીટ દ્વારા તપાસ.

17. ધારાસભ્યોની ખરીદ-વેચાણ રોકવા કડક કાયદો.

18. લોકશાહી મજબૂત કરવા બેક ટુ બેલેટનો તાત્કાલિક અમલ, સ્થાનિક ચૂંટણીઓથી શરૂઆત, વિધાનસભા - લોકસભામાં બેલેટથી ચૂંટણી માટે કાર્યવાહી.

19. ભાજપ સરકારે બંધ કરેલ વિધાનસભાની કાર્યવાહીનું જીવંત પ્રસારણ ફરી શરુ.

20. કેગ રિપોર્ટ, આયોગ રીપોર્ટસ, જાહેર હિસાબ સમિતિના અહેવાલો વિધાનસભામાં મૂક્યાનાં પ્રથમ સપ્તાહમાં જ જાહેર કરાશે.

### ભ્રષ્ટાચાર નિવારણ

01. ભ્રષ્ટાચાર નિવારણ માટે લોકાયુક્ત સંસ્થાને મજબૂત કરાશે.

02. ભ્રષ્ટાચાર નિવારણ માટેના વર્તમાન કાયદામાં સુધારો / સમય મર્યાદામાં તપાસ અને ફાસ્ટટ્રેક કોર્ટની કાર્યવાહી તેમજ કડક સજાની જોગવાઈ કરતો નવો કાયદો.

03. ભાજપ શાસનમાં પાર્ટીવાદ / સગાવાદ / ભ્રષ્ટાચારને કારણે ફેલાયેલી અરાજકતા સામે કડક કાર્યવાહી કસુરવારો સામે પગલાં.

04. ભાજપ શાસનમાં આચરવામાં આવેલા ભ્રષ્ટાચાર - કૌભાંડોની સઘન તપાસ અને કાર્યવાહી.

### ડ્રગ્સ / નશા મુક્તિ

01. દારૂબંધીના કડક અમલ માટે પોલીસની જવાબદારી નક્કી કરાશે.

02. ડ્રગ્સના દૂષણને રોકવા બાળકોના ઉપયોગ માટે બન્યા ન હોય તેવા પદાર્થો, થીનર, સોલ્યુશન ટ્યુબ, સોલવન્ટ, પેટ્રોલ બાળકોને વેચાણ પર પ્રતિબંધ.

03. વોર્ડ / તાલુકા લેવલે વ્યસન મુક્તિ કાઉન્સેલિંગની વ્યવસ્થા.

04. દરેક જિલ્લા શહેરોમાં વ્યસનમુક્તિ કેન્દ્રો-મહિલાઓ માટે અલગ વ્યવસ્થા.

05. 'સ્ટેટ નારકોટીક્સ કંટ્રોલ બ્યોરો (S.N.C.B)' ની રચના.

06. રાજ્યમાં પકડાતા હજારો કરોડ રૂપિયાના ડ્રગ્સના જથ્થાઓના કેસોમાં ઊંડી તપાસ અને આરોપીઓને સખ્ત સજાની કાર્યવાહી.

## કાયદો અને વ્યવસ્થા

01 કાયદો વ્યવસ્થાના કડક અમલ, ગુનાઓની સંખ્યા, તપાસ અને સજાના પ્રમાણ માટે પોલીસકર્મીઓ / અધિકારીઓની જવાબદારી.

02. રાજકીય કાર્યક્રમો-તહેવારોના બંદોબસ્ત માટે અલગ પોલીસ દળની જોગવાઇ.

03. ગુનાખોરી રોકવા મહિલા સુરક્ષા માટે સીસીટીવી કેમેરાનું નેટવર્ક.

04. રાજ્યમાં ઝડપી ન્યાય માટે ગંભીર પ્રકારના ગુન્હાઓ માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટ માટેની કાર્યવાહી.

05. પોલીસ વિભાગમાં વર્ષોથી ખાલી જગ્યાઓ પર ભરતી.

06. સાઇબર ક્રાઇમને રોકવા દરેક જિલ્લામાં સાઇબર ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના.

07. વ્યાજખોરોના ત્રાસમાંથી ગરીબ પ્રજાની મુક્તિ માટે શાહુકાર ધારાનો અસરકારક અમલ.

08. ચીટફંડોની છેતરપીંડીનો ભોગ બનેલ નાગરિકોને ન્યાય માટે ક્રાઇમ બ્રાંચ તપાસ ટીમની રચના.

09. અસમાજીક તત્વો, ભૂમાફિયા, ડ્રગ માફિયા, બૂટલેગરો, વ્યાજખોરોના ત્રાસથી જનતાને મુક્તિ.

10. લાંચ રુશ્વતને રોકવા ભ્રષ્ટાચાર વિરોધી નવા કાયદાની રચના.

11. પોલીસ કર્મચારીઓની સર્વિસ કન્ડિશન અને પડતર પ્રશ્નોના ઉકેલ માટે વિચારણા અને ઉકેલ.

## વહીવટી સુધારણા

01. નાગરિકોના પ્રશ્નોના ઉકેલ અને ઝડપી કાર્યવાહી માટે જન ભાગીદારી, તમામ સરકારી વિભાગોમાં તાલુકા / વોર્ડથી રાજ્ય સુધી સ્ટેક હોલ્ડર્સના પ્રતિનિધિત્વ સાથેની સલાહકાર સમિતિઓ.

02. સરકારની સાથેના નાગરિકોના કાયદાકીય વિવાદો નિવારવા અભ્યાસ સમિતિ બનાવી તેના નિવારણ માટેની વ્યવસ્થા ઊભી કરવામાં આવશે.

03. અગમ્ય કારણોસર નીતિ નિયમોના દેખીતા ખોટા અર્થઘટનથી ઊભા કરવામાં આવતા વિવાદો માટે તંત્રની જવાબદારી પણ નક્કી કરાશે.

04. ન્યાયતંત્ર ક્ષેત્રે રાજકોટ, વડોદરા અને સુરત ખાતે હાઇકોર્ટની બેન્ચ માટે કાર્યવાહી.

05. નાગરિકો તેમની ફરિયાદ અંગે ઉચ્ચ કક્ષા સુધી રજૂઆત કરી શકે તે માટે વોર્ડ / તાલુકા કક્ષાએ ઓફ લાઇન અને ઓન લાઇન મુખ્યમંત્રી જનશક્તિ કેન્દ્રો.

06. વિકેન્દ્રિત શાસન વ્યવસ્થા માટે દરેક ઝોનમાં ડિવિઝનલ કમિશનરેટની રચના.

07. નવા જજોની નિમણૂંક માટે જ્યુડીશિઅલ એપોઇન્ટમેન્ટ કમિશનની રચના માટે કાર્યવાહી.

08. સામાન્ય નાગરિકોને ન્યાય માટે "ન્યાયિક સલાહ અને સહાયતા" કેન્દ્રોની સ્થાપના.

09. માહિતીના અધિકાર કાયદાનો પ્રમાણિકપણે અમલ.

## જન ભાગીદારી – નાગરિક સંગઠનો

01. નાગરિક સંગઠનો અને કર્મશીલોને રાજ્યના વિવિધ ક્ષેત્રમાં સશક્તિકરણની પ્રક્રિયાના એક મહત્વના ભાગીદાર તરીકે આવકારવામાં આવશે.

02. આ સંગઠનો સાથે દરેક કક્ષાએ નીતિ વિષયક બાબતો ઉપર નિયમિત વાર્તાલાપ કરવામાં આવશે અને તે માટેની સલાહકાર સમિતિમાં સ્થાન આપવામાં આવશે.

03. આ સંગઠનો / કર્મશીલોના અનુભવ અને કાર્યને લક્ષ્યમાં લઇ તેઓનું રેટિંગ કરવામાં આવશે.

04. રાજ્યમાં 'સોશિયલ એન્ટેર પ્રિન્યોરશીપ'નો કન્સેપ્ટ વિકસાવવામાં આવશે.

05. નાગરિક સંગઠનો અને કર્મશીલોને અમલીકરણ માટે ભાગીદાર બનવા પ્રોત્સાહન અપાશે.

## ન્યાય કમિશન

01. આ જન ઘોષણા પત્રમાં ગુજરાતની જનતાના મનની વાત કંડારાયેલી છે તેથી આ ઘોષણા પત્ર કોંગ્રેસની આગામી સરકારનો - 'જનતા સરકારનો' રોડ મેપ હશે.

02. કોંગ્રેસનાં આ જન ઘોષણા પત્રમાં અપાયેલાં વચનોના અસરકારક અમલ માટે અને સરકારના નિર્ણયોમાં જનતાની ભાગીદારી તથા દેખરેખ સુનિશ્ચિત કરવાં માટે એક સ્વાયત્ત અને સંવૈધાનિક 'ન્યાય કમિશનની' રચના કરવામાં આવશે.




## 14 આર્થિક નીતિ - કરવેરા

01. રાજ્યની આર્થિક નીતિના કેન્દ્રમાં ‘સામાન્ય જનતાની સુખાકારી, તેનું સશક્તિકરણ અને રોજગારી સર્જન’ રહેશે.

02. રાજ્યના વિકાસના માપદંડ સાથે સુખાકારી ઇંન્ડેક્ષને જોડવામાં આવશે.

03. આર્થિક નીતિના ઘડતરમાં, પરંપરાગત આર્થિક સૂચકાંકો ઉપરાંત કૃષિ અને ગ્રામીણ વિકાસ, સર્વિસ સેક્ટર, રોજગારલક્ષી ઉધોગો તેમજ પછાત વિસ્તારોમાંના રોકાણ, રોજગારી સર્જન અને નાગરિક સુવિધાઓ માટેના રોકાણોને મહત્ત્વના માપદંડ તરીકે જોડવામાં આવશે.

04. રાજ્યની સામાન્ય જનતાની સુખાકારી માટે તેમને મોંઘવારીમાંથી રાહત આપવા અને તેઓની રોજબરોજની નાગરિક સુવિધાઓ અને આવાસ નિર્માણ તેમજ ટ્રાન્સપોર્ટ, આરોગ્ય અને શિક્ષણ માટે જરૂરી ભંડોળ ફાળવવામાં આવશે અને તે માટેના આર્થિક સ્ત્રોત પણ ઊભા કરવામાં આવશે.

05. ભાજપ સરકાર દ્વારા બેફામપણે વધારવામાં આવેલા તમામ પ્રકારના ટેક્સની સમીક્ષા કરી જાહેર સામાન્ય જનતાને સ્પર્શતા ભારે વેરામાં 20% જેટલો ઘટાડો આગામી વર્ષોમાં કરવામાં આવશે.

06. જીએસટીના અને વ્યાપાર ઉધોગના પ્રશ્નોના ઉકેલ માટે ઉચ્ચ કક્ષાની ઉધોગ-નાણામંત્રીની અધ્યક્ષતામાં સલાહકાર સમિતિની રચના કરવામાં આવશે.

07. રાજ્યમાં શિક્ષણ અને આરોગ્યના વ્યાપારીકરણ પર પ્રતિબંધ લગાવી તે ક્ષેત્રની આર્થિક રોકાણની જરૂરિયાત માટે બજેટમાં રાજ્યના જી.ડી.પી.ના 5 ટકા સુધીની રકમ આ ક્ષેત્ર માટે ફાળવવાશે.

08. કોંગ્રેસની સરકાર બનતા જ નવી રોજગારલક્ષી અને પછાત વિસ્તારોના વિકાસ માટેની સંતુલિત ઔધોગિક નીતિ ઘડવામાં આવશે.

09. ગુજરાતનાં વ્યાપાર ઉધોગની સ્પર્ધાત્મક શક્તિ જાળવી રાખવા અને તે માટે ટેક્સેશનના દર, વીજળીનાં દર, પ્રોપર્ટી ટેક્સ, પરિવહન, ટોલટેક્સ, જીએસટી દર, રો-મટીરીયલ અને રોયલ્ટી દર તેમજ વ્યાજ દરોની સમીક્ષા કરી ટેક્સ માળખાને વ્યવહારુ બનાવવામાં આવશે.

10. રાજ્યના જાહેરાતો અને સમારંભોના ઉડાઉ ખર્ચમા કાપ, તેમજ સાદાઇ અને કરકસરભર્યા વહીવટથી જાહેર અને વહીવટી ખર્ચ પર નિયંત્રણ અને જાહેર દેવા પર પણ નિયંત્રણ નિયમન કરાશે.

11. ગેસ અને ડિઝલને જીએસટીમાં આવરી લેવાય તે માટે પણ પ્રયાસો કરવામાં આવશે.

12. જી.એસ.ટી.માં નવી નોંધણીઓ સહેલાઇથી થાય તે માટેના પગલાં લેવામાં આવશે.

13. કોઇપણ પ્રોડક્ટમાં 18 ટકાથી વધારે જી.એસ.ટી. નહીં લેવાય તે માટે GST કાઉન્સિલમાં કોંગ્રેસ સરકાર રજૂઆત કરશે.




## 15 વ્યાપાર, ઉધોગ, પર્યટન

### વ્યાપાર –ઉધોગ

01. વ્યાપાર ઉધોગની સ્પર્ધાત્મક શક્તિ જાણવણી માટે વીજળીનાં દર પ્રોપર્ટી ટેક્સ, પરિવહન, ટોલટેક્સ, જીએસટી દર, રો-મટિરીયલ, રોયલ્ટી દર અને વ્યાજદરોની સમીક્ષા કરાશે.

02. ત્રણ માસમાં 'ગુજરાત વ્યાપાર ઉધોગ નવસર્જન નીતિ' હેઠળ નવી ઔધોગિક નીતિની રચના.

03. આગામી બે વર્ષમાં 50 કરોડનું ટર્ન ઓવર ધરાવતા 1,000 એકમોની સ્થાપના.

04. ઉધોગો અને વેપારીઓના પ્રશ્નો માટે જિલ્લા અને રાજ્ય સ્તરે સલાહકાર સમિતિની રચના.

05. વહીવટી વિલંબ / કનડગત નિવારવા સિટીઝન ચાર્ટર અને આરટીઆઇની તર્જ પર નાગરિક અધિકાર કમિશનની રચના અને એપેલેટ કાર્યવાહીની વ્યવસ્થા.

06. બિનપ્રદૂષિત ઉધોગો, ઇલેક્ટ્રોનિક્સ એસેમ્બિલિંગ, પ્લાસ્ટિક, ફાર્મા, ગારમેન્ટ, એગ્રો પ્રોડક્ટ્સ એન્જીનિયરીંગ જેવા રોજગારલક્ષી ઉધોગો માટે ‘કલસ્ટર પાર્ક’/ વસાહત.

07. મોરબી સિરામિક, રાજકોટ એન્જિનિયરિંગ અને અમરેલી, ભાવનગર, સુરતમાં હીરા ઉધોગ, કાપડ ઉધોગ માટે સ્પેશિયલ ક્લસ્ટર.

08. રાજયના ટેક્ષટાઇલ અને ગારમેન્ટ ઉધોગની વૈશ્વિક ઓળખ માટે નવી ટેક્ષટાઇલ નીતિ.

09. પછાત તાલુકાઓના વિકાસ માટે ડેવલપમેન્ટ બોર્ડ.

10. નાના વેપારીઓ –ઉધોગોને ધિરાણ હેતુ રૂ. 5,000 કરોડનું સ્મોલ બિઝનેસ- એમએસએમઇ ફંડ.

11. ઉધોગ ધંધાના એક જ લાયસન્સમાં બધા લાયસન્સનો સમાવેશ થઇ જાય તેવી વ્યવસ્થા.

12. મહિલાઓ, ટેકનોક્રેટ અને યુવા સાહસિકોને દસ ટકા ડાઉન પેમેન્ટ તથા હળવી શરતોની લોન આ માટે રૂ. 2,500 કરોડનું ભંડોળ.

13. મહિલા ઉદ્યોગ સાહસિકો માટે એક કરોડ સુધીના ટર્નઓવર સુધી સ્ટેમ્પ ડ્યૂટી અને સ્ટેટ જીએસટીમાંથી મુક્તિ.

14. નાના વેપારીઓના ધિરાણ માટે કમિટિની રચના.

15. મોર્ગેજ માટેની સ્ટેમ્પ ડ્યુટીમાં ઘટાડો.

16. તમામ પ્રકારની મંજૂરીઓ સમય મર્યાદામાં ઓનલાઇન મળે તેવી વ્યવસ્થા.

17. જેમણે 25 વર્ષ સુધી ટેક્સ ભર્યા હોય એવા ઉદ્યોગકારો, વેપારીઓને 'સન્માનીય વેપારી કાર્ડ'.

18. મધ્યમ અને નાના સ્કેલના ઉદ્યોગો માટે નવી કુટિર ઉદ્યોગ નીતિ.

19. સીક યુનિટ રિવાઇવલ કમિટીની પુનઃરચના.

20. ઓનલાઇન અને મોલ કલ્ચર સામે રીટેઇલ વેપારીઓ ટકી રહે તે માટે કાયદાકીય જોગવાઇ.

21. ઉદ્યોગોને નિરંતર વીજ પુરવઠો. નાના અને મધ્યમ કારખાનેદારોને રાહતદરે વીજળી.

22. ટ્રાન્સપોર્ટ ખર્ચમાં લેવલ પ્લેઇંગ ફિલ્ડ માટે ટોલ ટેક્ષનો રિવ્યૂ / શક્ય તેટલો ઘટાડો, વપરાશ આધારિત દર માટે કાર્યવાહી.

23. દરેક મહત્વના ઔદ્યોગિક વિકાસ કેન્દ્રોમાં ઇન્ટરનેશનલ કાર્ગો કન્ટેઇનર ડેપો.

24. રાજ્યમાં 150 ચોરસ ફૂટ થી ઓછું ક્ષેત્રફળ ધરાવતી દુકાનો / ઓફિસો/ વગેરેના ઉપયોગ કરતા તમામ પ્રકારના વ્યાવસાયિકો / સ્વરોજગારીતો / વેપારીઓના પ્રોપર્ટી ટેક્સની આકારણી ઉદ્યોગોના ધોરણે - ટેક્ષમા 70 ટકા જેટલી રાહત મળશે.

25. ઇન્કમ ટેક્સની મર્યાદામાં પગાર / આવક ધરાવતા પગારદારો/ સ્વરોજગારીતો / વેપારીઓ / પ્રોફેશનલોનો વ્યવસાય વેરો માફ કરવામાં આવશે.

### જીઆઇડીસી

01. જીઆઇડીસી વસાહતોનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિશ્વ કક્ષાનું બનાવવામાં આવશે.

02. દરેક તાલુકામાં જીઆઇડીસી વસાહત અને જીઆઇડીસીની કામગીરીમાં પારદર્શકતા લવાશે.

03. પડતર દરખાસ્તોનો આગામી ત્રણ માસમાં નિકાલ.

04. પરંપરાગત કારીગરો માટે દરેક તાલુકામાં મિનિ એસ્ટેટ, નજીવા ડાઉન પેમેન્ટ અને રાહત દરનું લાંબા ગાળાનું ધિરાણ.

05. ઉદ્યોગકારોના પડતર પ્રશ્નો માટે સતત સંવાદ, દરેક વસાહતની એડવાયઝરી કમિટી.

06. દરેક વસાહતમાં જરૂરી તમામ યોગ્ય ઇન્ફ્રાસ્ટ્રકચરની સમીક્ષા અને ત્રણ માસમાં પૂર્ણતા.

07. ઔદ્યોગિક વસાહતો અને તેની નજીકના શહેર કે ગામને ગ્રિન સિટી તરીકે વિકાસ.

08. જીઆઇડીસી અને ઔદ્યોગિક ઝોન સુધી આવવા-જવા માટે જાહેર પરિવહન.

### પર્યટન

01. પર્યટનના વિકાસ માટે ટુરિસ્ટ પાર્કની સ્થાપના.

02. હોટેલ ઉદ્યોગને પ્રોત્સાહન, બજેટ હોટેલ્સને વિશેષ પ્રોત્સાહન.

03. હોટેલ, સામાજિક-ધાર્મિક સંસ્થાના સાર્વજનિક વિશ્રામ ગૃહો માટે જમીન-સોફ્ટ લોનની ફાળવણી.

04. તમામ ધર્મના પગપાળા યાત્રીઓને ધ્યાનમાં રાખી રસ્તામાં રેસ્ટ હાઉસની વ્યવસ્થા.

05. દરેક ધર્મના યાત્રાધામો ખાતે યાત્રાળુઓ માટે 'પ્રસાદ સેવા કેન્ટિન'ની વ્યવસ્થા.

06. રેસ્ટોરન્ટ માટે પણ સોફ્ટ લોનની વ્યવસ્થા.

07. અતિથિગૃહો, ધર્મશાળા વગેરેને સબસિડી, લોન અને જીએસટી, વીજળી દરો અને વેરામાં રાહત.

08. મહત્વના પર્યટન અને યાત્રાધામોને અલગ અલગ જિલ્લાઓ સાથે જોડતી સીધી બસ સેવા.






## 16 ઇન્ફ્રાસ્ટ્રકચર, બંદરો, રોડ, ઊર્જા, વીજળી

### ઇન્ફ્રાસ્ટ્રકચર, બંદરો, રોડ, ઊર્જા

01. ગુજરાતના આગામી 25 વર્ષની જરૂરિયાતનો સર્વગ્રાહી નકશો તૈયાર કરાશે.

02. 25 વર્ષની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી વીજળી, ગેસ, ઊર્જા, હાઇવે, બંદર, પાણી, ડ્રેનેજની વ્યવસ્થાનું આયોજન કરાશે.

03. કૃષિ ક્ષેત્ર માટે પણ 25 વર્ષની જરૂરિયાતોનું આયોજન.

04. રોડ ક્ષેત્રે તાલુકા મથકોને જિલ્લા મથક સાથે પાકા ડબલ લાઇન રસ્તા.

05. જિલ્લા મથકને સ્થાનિક મુખ્ય મથક સાથે ફોર લેન પાકા રસ્તા.

06. કોસ્ટલ હાઇવે અને પૂર્વ પટ્ટીના રસ્તાઓ અપગ્રેડ.

07. ચાર સ્થાનિક મુખ્ય મથકોને અમદાવાદ, ગાંધીનગર સાથે છ-આઠ માર્ગથી અપગ્રેડ.

08. બંદર ક્ષેત્રે કંડલા ઉપરાંત બીજા બે થી ત્રણ બારમાસી બંદરોના વિકાસનું આયોજન.

09. હાલના બંદરોને રેલ તેમજ ફોરલાઇન, સિક્સ લાઇન રસ્તાઓ સાથે હાઇવે સાથે જોડાણ.

10. નાના બંદરોની હેન્ડલિંગ ક્ષમતા પાંચ વર્ષમાં બમણી કરવામાં આવશે.

11. દેશી વહાણ દ્વારા આંતરદેશીય હેરફેર માટે પ્રોત્સાહન યોજના.

12. દક્ષિણ ગુજરાત અને કચ્છને સૌરાષ્ટ્ર સાથે ફેરી સર્વિસ માટેનું આયોજન અને સઘન પ્રયાસો.

13. સીએનજી ગેસના વપરાશકરોના હિતમાં 'ગેસ પ્રાઇસ રેગ્યુલેટરી કમિશન'ની રચના.

14. દરેક નાગરિક પોતાના ઘર પર વીજળી ઉત્પન કરી શકે તે માટે 2 KVની સોલર પેનલ સબસિડી.

15. પ્રોત્સાહન જાહેર કરી ફરી ગયેલ ભાજપ સરકારના અન્યાયથી પીડિત સોલર ક્ષેત્રના 5,500 જેટલા નાના રોકાણકારોને ન્યાય આપવા પ્રયાસ કરવામાં આવશે.

16. ખેડૂતોને પોતાના ખેતરમાં સોલર ફાર્મ બનાવવા પ્રોત્સાહન.h

17. બીનપરંપરાગત વીજળી સ્રોત સોલર અને પવનચક્કી આધારિત ઊર્જા તથા કોલસાની ખાણના પીટ હેડ-pit head- આધારિત પાવર પ્લાન્ટની સ્થાપના.

18. નાના ઉધોગો વીજ વપરાશકારોને કોમન સોલાર પાવર પ્લાન્ટ માટે પ્રોત્સાહન – સહાય.

## વિજળી

01. રાજ્યના દરેક નાગરિકના વિજળી બીલના 300 યુનિટ માફ કરવામાં આવશે.

02. વીજ ક્ષેત્રે આગામી 25 વર્ષની વીજ જરૂરિયાતનું આયોજન.

03. ગ્રાહકોને વાજબી ભાવે વીજ પુરવઠો મળે તે માટે ઉત્પાદન કંપની અને વિતરણ કંપની અલગ કરાશે, ગ્રાહકોને પોતાની પસંદગીનો વીજ સપ્લાયર નક્કી કરવાનો હક રહેશે.

04. વીજ ઉત્પાદનમાં ખાનગી કંપનીઓ પર આધારિત રહેવાને બદલે જાહેર ક્ષેત્રની જોઇન્ટ સેક્ટર કંપની પર આધારિત થવાની વ્યૂહરચના બનાવવામાં આવશે.

05. ફરિયાદોના નિકાલ માટે વીજ ગ્રાહક સલાહકાર સમિતિની રચના.

06. ગ્રાહકો તથા સરકારી તિજોરીને નુકસાન કરનારા તમામ પાવર પર્ચેસ એગ્રીમેન્ટની સમીક્ષા / રદ.

07. વીજળી અને ગેસ કંપનીઓના બીલો સરળ ભાષામાં અપાશે.

08. રાજ્યના દરેક વિસ્તારમાં દર મહિને વીજળીના બીલ અપાશે.

09. રાજ્યના સાર્વજનિક અને ધાર્મિક સ્થાનોના વીજળી દરો અને વેરામાં રાહત આપવામાં આવશે.

## પરીવહન

01. વાર્ષિક 5,000 km નાં નવાં રોડ.

02. રાજકીય કાર્યક્રમોમાં સરકારી બસોના પરીવહન માટેનો ઉપયોગ બંધ.




## 17 પર્યાવરણ સુરક્ષા

01. રાજ્યને આગામી પાંચ વર્ષમાં પ્રદૂષણમુક્ત બનાવવા માટે સઘન પગલાં.

02. રાજ્યની તમામ નદીઓમાં પ્રદૂષણમુક્ત કરવા માટેનો એક્શન પ્લાન.

03. રાજ્યમાં હવા, પાણી અને જોખમી ઘન કચરા સંબંધિત કાયદાઓનો કડક અમલ.

04. રાજ્યમાં હવાના પ્રદૂષણ અને ગ્લોબલ વોર્મિંગને નિવારવા 25 કરોડ વુક્ષોનું વાવેતર.

05. રાજ્યનનાં તમામ ડુંગરાળ વિસ્તારોમાં વ્યાપક ગ્રીનકવર અથવા વનીકરણ માટે પ્લાન્ટેશન પ્રોગ્રામ.

06. દરિયા કિનારે સુનામી અને વાવાઝોડાને રોકવા મેન્ગ્રૂવ્ઝ વૃક્ષોની દિવાલો બનાવાશે.

07. પ્લાસ્ટિક થેલીઓના વપરાશ પર પ્રતિબંધ.

08. પ્લાસ્ટિક વેસ્ટ કચરાના એકત્રિકરણ કામનો મનરેગામાં સમાવેશ.

09. તળાવોના પૂરાણ પર પ્રતિબંધ.

10. દરિયા કિનારાઓની જમીન પર પ્રસરતી ખારાશને રોકવા માટે ટાસ્કફોર્સ – એક્શન પ્લાન.

11. આગામી પાંચ વર્ષમાં દરેક મહાનગર પાલિકા અને નગરપાલિકામાં 'સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ' અને "સિક્યોર્ડ લેન્ડ ફીલ સાઈટસ" બનાવાશે.

12. આગામી બે વર્ષમાં ગુજરાત રાજ્યને 'પ્લાસ્ટિક વેસ્ટ' મુક્ત બનાવવાનું અભિયાન.

13. રાજ્યમાં સ્થિત 35 C.E.T.Pને સ્થાપિત માપદંડો સાથે કાર્યરત કરવામાં આવશે.

14. નાના મોટા શહેરોમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ઘનકચરાના નિકાલ માટે 'સિક્યોર્ડ લેન્ડ ફીલ સાઈટ'નું આગોતરું આયોજન અને એ માટે રાજ્ય સરકાર તરફથી જમીન, ધિરાણ અને સહાય.

15. શહેરોમાં ઇલેક્ટ્રિક વાહનો / ઇલેક્ટ્રિક ટુ વ્હિલર્સ અને સાઈકલના વપરાશને પ્રોત્સાહન.

16. રાજ્યમાં પ્રદૂષણ નિવારણ માટે જન ભાગીદારી સાથેનું 'ગ્રીન ગુજરાત અભિયાન' શરુ કરાશે.



# ખુશહાલ ગુજરાતી

## 18 કલા-સંસ્કૃતિ- અસ્મિતા

01. ગુજરાતની સંસ્કૃતિએ ગાંધી અને સરદારની સંસ્કૃતિ છે. ગુજરાતની સંસ્કૃતિ એ સત્ય, અહિંસા અને પ્રેમની છે, ગુજરાતની સંસ્કૃતિ એ ભાઈચારો, એખલાસ, શાંતિ અને સહિષ્ણુતાની છે. ગુજરાતની સંસ્કૃતિ અને અસ્મિતાની જાળવણી એ કોંગ્રેસ સરકારની પ્રાથમિકતા રહેશે. રાજ્યમાં બંધારણીય મૂલ્યો- લોકશાહી- ભાઈચારો અને સદભાવના જળવાઈ રહે અને નફરતની રાજનીતિને દૂર કરીને સદભાવનાની રાજ નીતિ – રાજધર્મનું પાલન કરવામાં આવશે.

02. ગુજરાતી ભાષા, સાહિત્ય અને કલાનો ગૌરવપ્રદ ઈતિહાસ અને વારસો રહ્યો છે. કોંગ્રેસ સરકાર દ્વારા આ વારસાની જાળવણી અને તેના સંવર્ધન માટે ગુજરાત રાજ્ય સાહિત્ય પરિષદ અને ગુજરાત લલિતકલા અકાદમીને સંપૂર્ણ સ્વાયત્તતા આપી સરકારી દખલગીરીમાંથી મુક્ત કરાશે.

03. ગુજરાતી ભાષા, ગુજરાતી નાટકો, કલાવૃંદો, ગુજરાતી ચલચિત્રો-સિનેમા માટે પ્રોત્સાહન નીતિ બનાવાશે અને વિશેષ નાણાંકીય જોગવાઈ કરાશે

04. ભવાઈ, ડાયેરા, તૂરિ, વાજિંત્રો વગેરે વાધો સાથેની ગુજરાતની પારંપરિક કલા અને સંસ્કૃતિ જાળવવા પ્રોત્સાહન અપાશે.

05. ગુજરાતમાં વિશ્વ પ્રસિદ્ધ પ્રાચીન સંસ્કૃતિના સ્થળો શોધાયેલા છે તેને બચાવવા / સાચવવા અને નવાં સ્થળો શોધવા પુરાતત્વ વિભાગને પૂરતો સ્ટાફ અપાશે. તેમજ પુરાતત્વ વિભાગનો સ્વતંત્ર વિભાગ બનાવવામાં આવશે.

06. રિનોવેશનના નામે પૂ. બાપુના સાબરમતી આશ્રમની સ્મૃતિ અને ગૌરવ સાથે રમત રમવા પર તુરંત પ્રતિબંધ લગાવાશે.

06. વહીવટીતંત્ર અને ન્યાયતંત્રમાં ગુજરાતી ભાષાનો ઉપયોગ વધે તે માટે પ્રયાસો કરવામાં આવશે.

07. ગુજરાતના, દેશના અને વિશ્વના મહામાનવ સરદાર વલ્લભભાઈ પટેલના માન-સન્માનને ઠેસ પહોંચાડતા અને ગુજરાતની અસ્મિતા પર પ્રહાર કરતા 'મોટેરા સ્ટેડિયમ'નું નામ જે સરદાર પટેલ સ્ટેડિયમ હતું તે બદલીને ભાજપે તેને નવું નામ આપ્યું, ગુજરાતની અસ્મિતા પર પ્રહાર કરતા આ નિર્ણયને પહેલી જ કેબિનેટ બેઠકમાં બદલીને મોટેરા સ્ટેડિયમનું નામ ફરીથી 'સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડિયમ' કરાશે.

08. પ્રથમ કેબિનેટમાં જ સરદાર સાહેબનું સન્માન પુન:સ્થાપિત કરવામાં આવશે.

# ગુજરાત પ્રદેશ મેનીફેસ્ટો સમિતિ

ચેરમેન



**દીપક બાબરીયા**

કન્વીનર | સહ કન્વીનર



**શ્રીમતી સોનલબેન પટેલ**



**ડૉ. મનીષ દોશી**



**શ્રી અહેસાન શેખ**



**શ્રી રજનીકાંત કડ**

ડિવિઝનલ કૉઓર્ડીનેટર



શ્રી કાંતિભાઈ બાવરવા



શ્રી માંગીલાલ પટેલ



શ્રી અસલમ સાયકલવાલા



શ્રી અભય જોટવા



શ્રી આરીફ રાજપૂત



શ્રી ભાવિન વ્યાસ



શ્રી યુનુસ બેલીમ



શ્રી હિરેન બેન્કર

**સર્વ મેનીફેસ્ટો લોકસંપર્ક કૉઓર્ડીનેટર અને બધાં જિલ્લાના મેનીફેસ્ટો સમિતિના કન્વીનર અને સભ્યો**

## મેનીફેસ્ટો સલાહકાર સમિતિ:

• શ્રી જગદીશભાઈ ઠાકોર • શ્રી સુખરામભાઈ રાઠવા • શ્રી મધુસુદન મિસ્ત્રી • શ્રી ભરતસિંહ સોલંકી • શ્રી અર્જુન મોઢવાડિયા
• શ્રી સિદ્ધાર્થ પટેલ • શ્રી શક્તિસિંહ ગોહિલ • શ્રી અમિત ચાવડા • શ્રી પરેશ ધનાણી • શ્રી નારણભાઇ રાઠવા • ડૉ. અમી યાજ્ઞિક
• શ્રી લાલજીભાઈ દેસાઈ • શ્રી જીજ્ઞેશ મેવાણી • શ્રી પૂંજાભાઈ વંશ • શ્રી તુષાર ચૌધરી • શ્રી ખુરશીદ સૈયદ • શ્રી શૈલેષ પરમાર

## મેનીફેસ્ટો ડ્રાફ્ટિંગ સમિતિ:

• શ્રી પ્રભાબેન તાવિયાડ• શ્રી અશોક પંજાબી• શ્રી દિનેશ પરમાર• શ્રી ઇકબાલ શેખ• શ્રી બાલુભાઇ પટેલ• શ્રી જીતુભાઇ પટેલ
• શ્રી કુલદીપ શર્મા• ડૉ. કનુભાઈ કાલસરીયા• ડૉ. વિજય દવે• શ્રી કદીર પીરઝાદા• શ્રી લલિત કાગથરા• શ્રી અનંત પટેલ
• શ્રી ઋત્વિક મકવાણા• શ્રી આનંદ ચૌધરી • શ્રી હિંમતસિંહ પટેલ • શ્રી ઇન્દ્રવિજયસિંહ ગોહિલ • શ્રી અમરીશ ડેર
• શ્રી નવસાદ સોલંકી • શ્રી પાલભાઈ અંબાલિયા • શ્રીમતી અલકાબેન ક્ષત્રિય • શ્રી કિસન પટેલ • શ્રી વીરજી ઠુમર
• ડૉ. હેમાંગ વસાવડા • શ્રી લક્ષ્મણ કણજરીયા • શ્રીમતી શહેનાઝબેન બાબી • શ્રી યોગેશ રવાણી • શ્રી સંજયભાઈ અમરાણી
• શ્રી ભીખાભાઇ રબારી • શ્રીમતી જેનીબેન ઠુમર • શ્રી નૈષધ દેસાઈ • શ્રી ડી. સી. સોલંકી
• તમામ ફ્રંન્ટલ અને સેલ / ડિપાર્ટમેન્ટનાં ચેરમેનશ્રીઓ.